उन्नति

# વિચાર

વર્ષ ૪ **અંક ૪** ઑક્ટોબર–ડિસેમ્બર, '૯૯

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
નાગરિકો અને શાસનઃ
રાષ્ટ્રકુળના દેશોની સ્વૈચ્છિક
સંસ્થાઓની ઘોષણા

**આપના માટે** ૧૦
શહેરી સ્વશાસન ક્ષેત્રે
નાગરિક પ્રયાસો

**આપણી વાત** ૧૪
સંગઠન શક્તિનો મહિમા
સમજાવતાં સૌરાષ્ટ્ર-કચ્છનાં
મહિલા વિકાસ મંડળો

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૧૭

**સંદર્ભ સાહિત્ય** ૨૪

**અમારા વિશે** ૨૬

**સંપાદક ટીમઃ**
દીપા સોનપાલ
હેમંતકુમાર શાહ
મુરલી શ્રીનિવાસ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઑર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## સ્વરાજ અને સુરાજ


નાગરિકો અને પ્રજા વચ્ચે મહત્ત્વનો ભેદ છે. રાજા અને પ્રજા વચ્ચે જે ભેદ પ્રવર્તતો હતો તેવો ભેદ લોકશાહીમાં પ્રવર્તતો નથી. કારણ કે લોકશાહીમાં લોકોનું શાસન છે. પરંતુ લોકશાહીનો અનુભવ એવો રહ્યો છે કે શાસનમાં લોકોની સહભાગિતા સુનિશ્ચિત થતી નથી. નાગરિકો તેમાં રાજ્ય ઉપર વધુ ને વધુ આધાર રાખતા થયા છે. રાજ્ય એટલું મહાકાય બન્યું છે કે તેમાં નાગરિકોને સ્વરાજ કે સુરાજ બેમાંથી એકેયનો અહેસાસ થતો નથી. બજાર તંત્ર નિષ્ફળ જવાથી રાજ્ય ઉપર લોકોના આર્થિક અને સામાજિક કલ્યાણની જવાબદારી લાદવામાં આવી. પણ એમાં નોકરશાહી વિસ્તરતી રહી. લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ આ નોકરશાહી આગળ પાંગળા સાબિત થતા રહ્યા છે. રાજ્યનું અસ્તિત્વ નાગરિકો માટે નહિ પણ નોકરશાહો માટે હોય એની સાબિતીઓ અંદાજપત્રોની જોગવાઈઓમાંથી પૂરતા પ્રમાણમાં મળતી રહી છે. આ અર્થમાં રાજકીય સ્વરાજ સુરાજ બને તે માટે નાગરિકો અને નાગરિકોનાં સંગઠનોની શાસનમાં સક્રિય ભાગીદારી અનિવાર્ય બને છે. રાજ્યએ નાગરિકો અને નાગરિકોનાં સંગઠનો, ત્રણેય પરસ્પર સહયોગ અને સહકાર થકી નાગરિકોના સાર્વત્રિક કલ્યાણનું કામ કરે. બજારને મુક્ત અને સ્પર્ધાત્મક બનાવવામાં આવી રહ્યું છે અને રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરે અર્થતંત્ર વધુ ને વધુ 'વિશ્વ વ્યાપાર સંગઠન' (ડબ્લ્યુટીઓ) જેવી સંસ્થામાં લેવાતા નિર્ણયો પર આધારિત થઈ ગયું છે. આવા સંજોગોમાં પણ વંચિતો, ગરીબો, રહિતો, તરછોડાયેલા પદદલિતો અને છેવાડે ફેંકાઈ ગયેલા લોકો માટે રાજ્યનો કલ્યાણવાદ ચાલુ રહે તે જરૂરી પણ છે. પણ તે માત્ર નોકરશાહી પર આધારિત ન હોવો જોઈએ. નાગરિકો તથા નાગરિક સમાજનાં સંગઠનોની સીધી સામેલગીરી તેમાં હોવા અનિવાર્ય છે કે જેથી પારદર્શિતા ઊભી થાય. નાગરિકોનાં સંગઠનો વિકસે એ જોવાની જવાબદારી રાજ્યે નિભાવવાની છે. નાગરિકોનાં સંગઠનોને રાજ્યે શાસનમાં વધુ સામેલ કરવાની જરૂર છે. પાયાની જરૂરિયાતો બજારતંત્ર કે રાજ્ય દ્વારા પૂરી પાડવાના સંદર્ભમાં એક નવા માળખાની જરૂર છે કે જેમાં નાગરિકોની સહભાગિતા હોય અને તેમને સહભાગી થવાની સ્વતંત્રતા હોય.

બજાર વિસ્તરી રહ્યું છે, નાગરિક સમાજ વિસ્તાર પામી રહ્યો છે અને રાજ્ય સંકોચાઈ રહ્યું છે. જેમનામાં સામાજિક ચેતના છે અને જેઓ સમગ્ર સમાજની ચિંતા કરે છે એવા વ્યક્તિગત અને સામૂહિક સાહસિકો પર હવે વધુ મદાર રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે. રાજ્યના અસ્તિત્વનો અર્થ અને એનું વાજબીપણું સ્વરાજ અને સુરાજ બંનેની પ્રાપ્તિમાં સમાયેલાં છે. રાજ્યનું અસ્તિત્વ નાગરિક માટે છે, નાગરિકનું અસ્તિત્વ રાજ્ય માટે નથી. એટલે રાજ્યને નાગરિકો માટે વધુ સંવેદનશીલ બનાવવાની આવશ્યકતા છે. નાગરિકોની અને નાગરિક સમાજનાં સંગઠનોની સક્રિય સહભાગિતા જ રાજ્યને પ્રતિભાવાત્મક બનાવી શકે અને રાજ્યવિહીન સમાજના આદર્શ તરફની ગતિ આપી શકે.

# નાગરિકો અને શાસનઃ રાષ્ટ્રકુળના દેશોની સ્વૈચ્છિક સંસ્થાઓની ઘોષણા

કોમનવેલ્થ એનજીઓ ફોરમની બેઠકમાં દક્ષિણ આફ્રિકામાં ડરબન ખાતે 'ઉન્નતિ' તરફથી હાજરી આપનારાં **સુશ્રી એલિસ મોરિસ** દ્વારા આ લેખ તૈયાર કરાયો છે. તેમાં સારા સમાજ અંગેની વિવિધ વ્યક્તિઓની આશાઓ, અપેક્ષાઓ અને આકાંક્ષાઓ અંગેના અભ્યાસનાં તારણો અને તેના અહેવાલનો ઉપયોગ કરાયો છે. ઉપરાંત, કોમનવેલ્થ એનજીઓ ફોરમ દ્વારા જે નિવેદન તૈયાર કરાયું તેનો સંપૂર્ણ પાઠ અહીં આપવામાં આવ્યો છે.

રાષ્ટ્રકુળના સ્વૈચ્છિક સંસ્થાઓના મંચ (કોમનવેલ્થ એનજીઓ ફોરમ)ની ત્રીજી બેઠક દક્ષિણ આફ્રિકામાં ડરબન ખાતે ૬થી ૮ નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન યોજાઈ હતી. ૫૩ દેશોના ૨૨૦ પ્રતિનિધિઓ તેમાં હાજર રહ્યા હતા. આ ત્રીજી બેઠકનો વિષય હતોઃ 'લોકોનું ભાવિઃ નૂતન સહસ્રાબ્દીમાં નાગરિકો અને શાસન'. આ મંચ રાષ્ટ્રકુળના દેશોની સ્વૈચ્છિક સંસ્થાઓનો બનેલો છે. દર ચાર વર્ષે તેની બેઠક બોલાવાય છે અને કોમનવેલ્થ ફાઉન્ડેશન દ્વારા તેનું આયોજન કરાય છે. રાષ્ટ્રકુળની સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓને આ ફોરમ એકત્ર થવાની તથા વિવિધ વિષયો વિશે ચર્ચા કરવાની અને રાષ્ટ્રકુળના દેશોના વડાઓ માટેની ભલામણો ઘડવાની તક પૂરી પાડે છે. ઉપરાંત, તે રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને પણ ભલામણો મોકલી આપે છે.




ડરબનની આ બેઠકની ભલામણો તા. ૧૧થી ૧૫ નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન યોજાયેલી રાષ્ટ્રકુળના દેશોના વડાઓની બેઠકને મોકલી આપવામાં આવી હતી.

રાષ્ટ્રકુળના દેશોની સ્વૈચ્છિક સંસ્થાઓના નેટવર્કિંગમાં 'કોમનવેલ્થ ફાઉન્ડેશન' મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. આ નેટવર્કિંગ મારફતે રાષ્ટ્રકુળના તમામ દેશોની સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓને એકત્ર કરવામાં ફાઉન્ડેશન શક્તિમાન રહ્યું છે. તેનાથી વિકાસલક્ષી પ્રશ્નો વિશે ચર્ચા કરવાની અને રાષ્ટ્રકુળના દેશોની દ્વિવાર્ષિક બેઠકોને ભલામણો કરવાની સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓને તક મળે છે.

**નાગરિક સમાજના પ્રશ્નો અને આકાંક્ષાઓઃ વૈશ્વિક અભ્યાસ**

૧. સામાન્ય નાગરિકોની ચિંતાઓ અને આકાંક્ષાઓ પામવા માટે રાષ્ટ્રકુળના તમામ દેશોમાં એક અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રકુળના પાંચ પ્રદેશોમાં તેનું સંકલન કરાયું હતું: આફ્રિકા, એશિયા, કેરેબિયન, પ્રશાંત અને વિકસિત દેશો. વિકસિત દેશોમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુ.કે.નો સમાવેશ થતો હતો. આફ્રિકામાં ૧૬ દેશોમાં ૧૯ સંસ્થાઓ દ્વારા, એશિયામાં ૬ દેશોમાં ૬ સંસ્થાઓ દ્વારા, કેરેબિયન સમુદ્રના ૬ દેશોમાં, પ્રશાંત મહાસાગરના ૧૬ દેશોમાં અને વિકસિત દેશોમાં ૪ અભ્યાસો હાથ ધરાયા હતા. તમામ પ્રદેશોના અને કોમનવેલ્થ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓવાળા એક કાર્યદળે આ અભ્યાસનું સંકલન કર્યું હતું. ત્યાર બાદ અભ્યાસની પદ્ધતિ અંગે રાષ્ટ્રીય સહયોગી સંસ્થાઓને તાલીમ આપવા માટે અનેક પ્રાદેશિક કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. અભ્યાસ ૧૯૯૮ના ઉત્તરાર્ધમાં શરૂ થયો હતો અને તેમાં રાષ્ટ્રકુળના ૫૪ સભ્ય દેશોમાંથી ૪૭ દેશોને આવરી લેવાયા હતા.

૨. સામાન્ય નાગરિકો શું મત ધરાવે છે તે જાણવાનો આ સંશોધનનો હેતુ હતો. તેમાં નાગરિકોને ત્રણ પાયાના પ્રશ્નો પૂછવામાં આવ્યાઃ (અ) સારા સમાજ વિશેનું તમારું મંતવ્ય શું છે? કેટલે અંશે આજે આવો સમાજ અસ્તિત્વ ધરાવે છે? (આ) આવા સારા સમાજમાં નાગરિકો કઈ શ્રેષ્ઠ ભૂમિકાઓ ભજવે અને રાજ્યની સંસ્થાઓ તથા અન્ય ક્ષેત્રો કઈ શ્રેષ્ઠ ભૂમિકાઓ ભજવે? (ઇ) ભવિષ્યમાં આવા સમાજના વિકાસમાં નાગરિકો તેમની ભૂમિકા વધારે અસરકારક રીતે ભજવે તેને માટે શક્તિમાન કેવી રીતે બને?

૩. નિશ્ચિત સંદર્ભોને ધ્યાનમાં રાખીને આ પ્રશ્નોના પેટા પ્રશ્નો

ઘડવામાં આવ્યા. વાસ્તવમાં, દરેક દેશમાં ત્રણ પ્રશ્નોના જવાબો મેળવવા માટે અનેક પેટા પ્રશ્નોની યાદી તૈયાર કરવામાં આવી.

૪. સમાજનાં વિવિધ ક્ષેત્રોના નાગરિકોનો સંપર્ક સાધવામાં આવ્યો. તેમની મુલાકાતો લેવામાં આવી અને તેમની સાથે ચર્ચાઓ કરવામાં આવી. સામાન્ય નાગરિકો ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. દા.ત. આદિવાસીઓ, ગ્રામીણ મજૂરો, કામદારો, યુવાનો, સ્ત્રીઓ, વંશીય અને અન્ય લઘુમતીઓ, અપંગો, બેકારો અને તરછોડાયેલા લોકો.

૫. સામાન્ય નાગરિકોનાં મંતવ્યો અને અનુભવો તેમના નેતાઓ સાથેની ચર્ચાનો આધાર બન્યા. આ જૂથોમાં જાહેર પ્રશ્નો અંગે અગ્રણી ભૂમિકા ભજવનારા અને અન્ય નાગરિકોમાં નેતા તરીકે સ્વીકૃતિ પામનારા લોકોનો સમાવેશ થતો હતો. આ મુલાકાતોનો હેતુ નાગરિકોને સ્વયં કાર્ય કરવા માટે શક્તિમાન કે અશક્તિમાન બનાવતાં પરિબળોને ઓળખી કાઢવાનો હતો.

૬. અંતે સમાજમાં જેઓ પ્રભાવશાળી સ્થાનો પર છે તેવા નાગરિકોની મુલાકાતો લેવામાં આવી અને તેમની સાથે ચર્ચા કરવામાં આવી. તેમાં રાજકીય નેતાઓ, સરકારી અધિકારીઓ, લેખકો, સંશોધકો, વ્યવસાયીઓ, ધંધાદારીઓ, માધ્યમોના લોકો અને સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓનો સમાવેશ થતો હતો. આનો હેતુ તેમનાં મંતવ્યો સામાન્ય નાગરિકોનાં મંતવ્યો સાથે મેળ ખાય છે કે નહિ તે જોવાનો હતો.

૭. અભ્યાસ પૂરો થયા બાદ તારણોનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને વિવિધ સ્તરોએ તેમનું સંકલન કરવામાં આવ્યું. ચાર સ્તરના અહેવાલો તૈયાર કરાયા અને પ્રાદેશિક અહેવાલોને આધારે વૈશ્વિક સંકલિત અહેવાલ તૈયાર કરાયો.

સંખ્યાબંધ દેશોના નાગરિકોના અવાજને ધ્યાનમાં લેવાયો. તેઓ પણ જુદી જુદી પાર્શ્વભૂમિકા ધરાવતા હતા. પરંતુ, સારા સમાજનું ચિત્ર દોરવામાં તેમનામાં એકસૂત્રતા દેખાતી હતી. પ્રદેશો વચ્ચે, સ્ત્રીઓ અન પુરુષો વચ્ચે તથા યુવાનો અને વડીલો વચ્ચે પ્રાથમિકતાઓમાં તફાવતો છે પરંતુ તેઓ બધા જ એમ દર્શાવે છે કે રાષ્ટ્રકુળના નાગરિકો તેમના ભાવિ માટે એક સર્વસામાન્ય ઈચ્છા ધરાવે છે.

ઈચ્છનીય સમાજ માટેની નાગરિકોની અપેક્ષા પાયાની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા સાથે સંબંધ ધરાવે છે, શાસનમાં ભાગીદારી સંબંધી અપેક્ષાઓ સાથે સંબંધો ધરાવે છે. આ ત્રણેય પરસ્પર સંબંધિત છે અને એકબીજા માટેનો પાયો પૂરો પાડે છે. જો પાયો નબળો હોય તો સમાજનાં બીજાં સ્તરો હાલકડોલક જ હોય. જો એક સ્તર બંધાય તો જ સારા સમાજના બીજા સ્તર માટે લોકો સપનું જોઈ શકે.

આ વૈશ્વિક અભ્યાસમાંથી ત્રણ પ્રકારની પાયાની જરૂરિયાતો ઊભી થઈ- આર્થિક સલામતી, સામાજિક સેવાઓ અને ભૌતિક સલામતી તથા શાંતિ. આર્થિક સલામતીની અપેક્ષા સૌથી ઉચ્ચ સ્થાને હતી. આફ્રિકામાં દરેકને સલામત જીવનનિર્વાહની અપેક્ષા હતી. તેમાં અન્ન, વસ્ત્ર, આવાસ અને શિક્ષણનો સમાવેશ થતો હતો. ભારત અને કેરિબિયન દેશોમાં સિંચાઈ માટે પાણી, ખેડૂતો માટે સલામત બજારો, યોગ્ય ભાવો અને ધિરાણની પ્રાપ્તિની અપેક્ષાઓ ઉચ્ચ સ્થાને હતી. ભારતમાં અદિવાસીઓ જંગલોના અધિકારો અને પ્રાકૃતિક સંસાધનોની પ્રાપ્તિ ઈચ્છતા હતા. ન્યૂ ઝીલેન્ડ જેવા વિકસિત દેશોમાં રોજગારની અપેક્ષા અગ્રસ્થાને હતી. નાગરિકો એમ વિશેષપણે માનતા જણાયા કે શિક્ષણ, પાણી, આવાસ, રસ્તા, આરોગ્ય, સફાઈ જેવી સામાજિક સેવાઓની પ્રાપ્તિ વિના સારું જીવન જીવવાનું શક્ય નથી. એક સારો સમાજ સુરક્ષિત, અહિંસક અને શાંતિપૂર્ણ હોય તે જરૂરી છે. સારા સમાજના સપનામાં ગુનાખોરી, મદ્યપાન, યુદ્ધો, હિંસા, સ્ત્રીઓ અને બાળકો પ્રત્યે દુર્વ્યવહાર, માદક દ્રવ્યો, હત્યાઓ વગેરેના અભાવનો સમાવેશ થાય છે.

### રાષ્ટ્રકુળ

૧૯૪૯માં રાષ્ટ્રકુળ (કોમનવેલ્થ) અસ્તિત્વમાં આવ્યું. હાલ તેમાં ૫૪ દેશો છે. દરેક ખંડમાં અને મહાસાગરમાં આ દેશો આવેલા છે પણ તેમનો એકસમાન ઇતિહાસ છે. તેમની વસ્તી ૩.૧ અબજની અને તે વિશ્વની વસ્તીના ૫૦ ટકા છે. તે આફ્રિકા, એશિયા, અમેરિકા, કેરિબિયન, યુરોપ અને દક્ષિણ પ્રશાંત વિસ્તારોમાં વસે છે. આ વર્ષે રાષ્ટ્રકુળ તેની સ્થાપનાનું ૫૦મું વર્ષ ઊજવે છે. તેની સ્થાપનાથી જ રાષ્ટ્રકુળના દેશોના વડાઓની દર બે વર્ષે બેઠક યોજાય છે. તેનાથી એ દેશોની સરકારોને સર્વસામાન્ય હિતના પ્રશ્નો અંગે ચર્ચા કરવાની, ચિંતા કરવાની અને ઉપયોગી પગલાં લેવાની તક મળે છે.

આ અભ્યાસમાં નાગરિકો માટે મહત્ત્વનાં એવાં બે પાસાંનો સમાવેશ થયો છેઃ સંસ્કૃતિ અને વારસા માટે માન અને આદર તથા આદાનપ્રદાન અને સારસંભાળ. નાગરિકો ઈચ્છે છે કે સમાજ પારંપરિક સંસ્કૃતિ અને વારસાને માન આપે. સંગીત, નૃત્ય, હસ્તકળા, વેશભૂષા, અન્ન અને ભાષા એ બધું જ સંસ્કૃતિનો ભાગ છે અને રાષ્ટ્રકુળના નાગરિકો એમ ઈચ્છે છે કે એ સચવાય. એક સારા સમાજમાં બંધુત્વ, ઉદારતા, સમાનત્વ, પારસ્પરિક સહાય અને ટેકાની ભાવના, અન્યો સાથે આદાન-પ્રદાન, અન્યોની સારસંભાળ અને સમુદાયના હોવાની ભાવનાનાં મૂલ્યો પણ હશે.

નાગરિકો માટે સારા સમાજનું એક ખૂબ જ મહત્ત્વનું તત્ત્વ સહભાગિતા છે. નાગરિકો એવા સમાજનું સપનું સેવે છે કે જેમાં તમામ નાગરિકોના

મૂળભૂત અધિકારો અને તમામ નાગરિકોના સામાજિક ન્યાય પ્રત્યે આદર હોય. તમામ લોકોને સમાન ગણવામાં આવશે અને કાયદાના શાસનને સર્વોચ્ચ ગણવામાં આવશે તથા દરેકનું સમાન રીતે રક્ષણ કરવામાં આવશે. નાગરિકો માને છે કે સારો સમાજ એવો હોય કે જેમાં નાગરિકો જાહેર કાર્યક્ષેત્રમાં ભાગ લઈ શકે અને જાહેર કલ્યાણમાં પોતાનો ફાળો આપી શકે. એટલે કે તે એક પ્રતિભાવાત્મક શાસન વ્યવસ્થા હોય. તેઓ એવી શાસન વ્યવસ્થા ઈચ્છે છે કે જે ભ્રષ્ટાચાર, સગાંવાદ, તુમારશાહી અને નિષ્ઠુરતાથી મુક્ત હોય. તેઓ માત્ર શોભાના ગાંઠિયા જેવી લોકશાહી નહિ પણ ખરા અર્થમાં લોકશાહી ઈચ્છે છે.

નાગરિકો માને છે કે વર્તમાન સમાજ સારા સમાજનું એક પણ લક્ષણ ધરાવતો નથી. તેઓ આર્થિક અને સામાજિક બંને રીતે અસલામતી અનુભવે છે. તેમને ભવિષ્યમાં તેમનાં કુટુંબો માટે અન્ન, પાણી અને આવકની ખાતરી નથી. તેમને આરોગ્ય, શિક્ષણ, પરિવહન, સફાઈ અને વીજળીની સવલતો મળશે જ એવી કોઈ પાકી ખાતરી છે જ નહિ. વૈશ્વિકીકરણે અનેક દેશોમાં આ સેવાઓની પ્રાપ્તિ ઘટાડી છે અને જ્યારે તે ખાનગી ક્ષેત્ર દ્વારા પૂરી પાડવામાં આવે છે ત્યારે તે બહુમતી નાગરિકોને પોસાતી નથી. અનેક દેશોમાં સ્ત્રીઓને પોતે સુરક્ષિત હોય તેમ લાગતું નથી. મદ્યપાન, માદક દ્રવ્યોનો ઉપયોગ, ગુનાખોરી અને લૂંટફાટ લગભગ બધે જ છે અને તે ઘણા સમાજોમાં વધી રહ્યા છે.

પોતાની વર્તમાન સરકારો વિશે નાગરિકોનો ભ્રમ ભાંગી રહ્યો છે. જે વચનો આપવામાં આવે છે તે પરિપૂર્ણ થતાં નથી અને હવે તેમને લાગે છે કે વિકાસલક્ષી યોજનાઓ બહુમતી નાગરિકોને લાભ આપતી નથી. નાગરિકોને રાજકારણીઓમાં અને સરકારી અધિકારીઓમાં વિશ્વાસ નથી કારણ કે તેમને લાગે છે કે તેઓ થોડાક લોકોનાં હિતો માટે જ કામ કરે છે. આ બધું જ પોતે સમાજથી અલગ પડી ગયા હોવાની ભાવનાને વધારે છે.

## નાગરિકો અને શાસનઃ ડરબનની બેઠકનું પરિણામ

કોમનવેલ્થ ફાઉન્ડેશનનો 'નાગરિકો અને શાસનઃ નૂતન સહસ્ત્રાબ્દીમાં નાગરિક સમાજ' શીર્ષક સાથેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો અને તેના વિશે ચર્ચા થઈ. ફોરમમાં અંતે નીચેનું નિવેદન અને કાર્યલક્ષી યોજના ઘડાયાંઃ

## કોમનવેલ્થ એનજીઓ ફોરમનું નિવેદન

'કોમનવેલ્થ ફાઉન્ડેશન એન્ડ ધ સાઉથ આફ્રિકન એનજીઓ કોએલિશન' દ્વારા યોજાયેલી અને ડરબન ખાતે ૬થી ૮ નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન હોલીડે ઈન ખાતે મળેલી કોમનવેલ્થ એનજીઓ ફોરમની ત્રીજી પરિષદમાં હાજર રહેલા ૫૩ દેશોના ૨૨૦ પ્રતિનિધિઓએ આ નિવેદન તૈયાર કર્યું છે અને માન્ય કર્યું છે.



કોમનવેલ્થ એનજીઓ ફોરમમાં ભારતના પ્રતિનિધિઓની મળેલી એક બેઠકમાં 'ઉન્નતિ'નાં સુશ્રી એલિસ મોરિસ.

**આમુખ**

૧. એક નવજાત શિશુ અને બે બાળકો સાથે એક સ્ત્રી રસ્તા પર ફળો વેચી રહી છે. તેનો પતિ એઈડ્સને લીધે મૃત્યુ પામ્યો છે અને તેનાં બાળકોને મેલેરિયા છે. એક ખેડૂત તેના બગડી રહેલા પાકને જોઈ રહ્યો છે કારણ કે આયાતને કારણે તે વેચાતો નથી. એક અપંગ છોકરો કહે છે કે તે ભૂખમરાથી અને માર ખાઈ ખાઈને થાકી ગયો છે. ઘરમાં પોતાના પર આચરાતી હિંસાથી છકટવા માગતી સ્ત્રીઓ એક સુરક્ષિત સ્થળ ઝંખે છે. રાષ્ટ્રકુળના મોટા ભાગના લોકો માટે ગરીબી એક તળ વાસ્તવિકતા છે. વધુ ને વધુ નાગરિકો એમ માને છે કે તેઓ તેમની સરકારોથી અલગ થઈ ગયા છે, તેમના નેતાઓ ઘણી વાર માત્ર ચૂંટણીના સમયે જ દેખા દે છે અને લોકોની સમસ્યાઓના ઉકેલ સમયે દેખાતા જ નથી. વૈશ્વિકીકરણ માત્ર સત્તાવિહીન બનાવે છે એવું નથી, તે એવા લોકોને વધુ ગરીબ બનાવે છે કે જેમનું રોજિંદું જીવન અસ્તિત્વની લડાઈમાં જ વીતે છે. રાષ્ટ્રકુળના લોકોની આજે આ વાસ્તવિકતા છે. નૂતન સહસ્રાબ્દીને આડે હવે માત્ર ૫૦ દિવસ જ રહ્યા છે ત્યારે તત્કાળ પગલાંની આવશ્યકતા છે.

૨. રાષ્ટ્રકુળના નાગરિકોએ કોમનવેલ્થ ફાઉન્ડેશનના 'નાગરિકો અને શાસન' શીર્ષક હેઠળના અહેવાલમાં પોતાનો અવાજ રજૂ કર્યો છે અને આ બેઠકમાં નાગરિક સમાજનાં સંગઠનોએ પોતાનો અહેવાલ રજૂ કર્યો છે. તેઓ સરકારોના વડાઓને લોકોની પાયાની જરૂરિયાતો અંગે તત્કાળ પ્રતિભાવ આપવા જણાવે છે. આવા લાખો લોકો જ રાષ્ટ્રકુળના સમાજનો મુખ્ય પ્રવાહ છે. તેઓ સૌના કલ્યાણ અને શાસનમાં સહભાગિતા માટે ઈચ્છા ધરાવે છે.

૩. આ તત્કાલીન જરૂરિયાતોને પહોંચી વળવા માટે અમે માત્ર સરકાર જ નથી ઈચ્છતા પણ સારું શાસન ઈચ્છીએ છીએ. તે ચૂંટાયેલી સરકારો તેમના નાગરિકો અને તેમનાં સંગઠનો વચ્ચેનું એક સંયુક્ત સાહસ છે. તેથી શાસન એ રાજ્ય, નાગરિક સમાજ અને તેના લોકો તથા ખાનગી ક્ષેત્રની અર્થપૂર્ણ ભાગીદારી છે. ખાસ કરીને શાસનમાં નાગરિક સમાજ સાથે રાજ્યનું આદાન-પ્રદાન છે. તે નીતિ ઘડવાની અને અમલની જવાબદારી ધરાવે છે અને તમામ સહભાગીઓ તેમના વિસ્તારો પ્રત્યે, પરસ્પર પ્રત્યે અને સમગ્ર સમાજ પ્રત્યે જવાબદાર છે.

૪. નાગરિકો અને નાગરિક સમાજનાં સંગઠનો ચિરંતન પર્યાવરણ, માનવ અધિકારો તથા સ્ત્રી-પુરુષ, નીતિગત અને સાંસ્કૃતિક સમાનતાની ખોજમાં કામ કરે છે. નાગરિક સમાજનાં સંગઠનો સ્ત્રીઓ, બાળકો, યુવાનો, વડીલો, આદિવાસીઓ, એઈડ્સના અસરગ્રસ્તો અને અપંગો સહિતના સામાજિક રીતે વંચિતો, છેવાડે ફેંકાયેલા લોકો અને તરછોડાયેલાં જૂથોનાં હિતોને આગળ ધપાવવા માગે છે. તેઓ વધુ માનવીય સમાજ અને સુશાસનના નિર્માણને પ્રોત્સાહિત કરવા માગે છે. આ કામ ઉપર અત્યારે વૈશ્વિકીકરણની, મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓની અને કેટલીક આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓની વિપરીત અસર થઈ રહી છે.

૫. અમે રાષ્ટ્રકુળની સરકારોના વડાઓની ૧૯૯૯ની બેઠકને તથા આંતરરાષ્ટ્રીય સમુદાયને નાગરિક સમાજ સાથે રહીને તથા ખાનગી કંપની ક્ષેત્ર સાથે સહયોગ સાધીને કામ કરવા અને એવાં આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાષ્ટ્રીય માળખાંમાં કામ કરવા હાકલ કરીએ છીએ, કે જે વૈશ્વિકીકરણ અને આંતરરાષ્ટ્રીય મૂડીની અમારા લોકોના જીવન પર થતી વિપરીત અસરોને ખાળે.

૬. અમે જાહેર ઉત્તરદાયિત્વ અને નીતિમત્તાનાં ઉચ્ચતમ ધોરણો પ્રત્યે તથા તમામ પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ પારદર્શકતા પ્રત્યે અમારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ અને નાગરિક સમાજનાં અન્ય સંગઠનો અને સરકારમાંના તેમના સહભાગીઓ તથા ખાનગી કંપની ક્ષેત્રને તેવી જ પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા હાકલ કરીએ છીએ.

૭. અમે સામાજિક જવાબદારીના વ્યવહારોનું પ્રતિબિંબ પાડે તેવી આચારસંહિતા વિકસાવવા માટે ખાનગી કંપની ક્ષેત્રને વિનંતી કરીએ છીએ.

૮. અમે એમ માનીએ છીએ કે આ માગણીઓ નવી સર્વસંમતિ છે અને વિકાસનું નવું મોડેલ છે, અને તે દૃષ્ટિકોણો અને મૂલ્યોમાં ગંભીર પરિવર્તનો ઈચ્છે છે અને પ્રવર્તમાન શક્તિશાળી પરિબળોનો સામનો કરવાની જરૂરિયાત પિછાણે છે.

૯. હરારેની ૧૯૯૧ની રાષ્ટ્રકુળના દેશોની ઘોષણા, રાષ્ટ્રકુળના દેશોની અગાઉની અન્ય ઘોષણાઓ અને ૧૯૯૯ની બેઠક લોકકેન્દ્રી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે તે જોતાં અને કાર્યલક્ષી યોજના સાથે આ ભલામણો રજૂ કરીએ છીએ અને એવો વિશ્વાસ વ્યક્ત કરીએ છીએ કે રાષ્ટ્રકુળના દેશોની સરકારોના વડાઓ આ પડકાર ઝીલશે.

**ભલામણો**

૧૦. કોમનવેલ્થ એનજીઓ ફોરમની આ ત્રીજી બેઠક રાષ્ટ્રકુળના દેશોની સરકારો અને સ્વૈચ્છિક સંસ્થાઓ, સમુદાય-આધારિત સંગઠનો, લોક સંગઠનો અને સ્થાનિક જૂથો સહિતનાં નાગરિક સમાજનાં સંગઠનો તથા નાગરિકોને નીચેની બાબતો અંગે વિનંતી કરે છેઃ

- સ્ત્રી-પુરુષ સમાનતા માટેની જરૂરિયાતના વિશિષ્ટ સંદર્ભ સાથે રાષ્ટ્રકુળના નાગરિકોનો સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય વિકાસ સાધવો.
- શાસનના એવા પ્રતિભાવાત્મક, સહભાગી, લોકશાહી અને મસલતી નમૂના વિકસાવવા કે જે સક્રિયપણે નાગરિકનાં કામો માટે માર્ગ મોકળો કરે અને જે તંદુરસ્ત લોકશાહીના અગત્યના ઘટક ભાગ તરીકે ભિન્ન મતને સ્વીકારે.
- એવી વ્યવસ્થાઓ ઊભી કરવી કે જે શાસનમાં નાગરિકોના વ્યક્તિગત અને સામૂહિક કાર્યનો માર્ગ મોકળો કરે, તેમાં પૂરતાં સંસાધનો હોય, પોતાના સમુદાયોમાં નાગરિકોની સહભાગિતા વધે અને તેમાં ગરીબીમાં ઘટાડાનો વિશિષ્ટ સંદર્ભ હોય.
- નાગરિક સમાજનાં સંગઠનો અને નાગરિક સમાજ, સરકાર તથા ખાનગી કંપની ક્ષેત્ર વચ્ચે અર્થપૂર્ણ ભાગીદારી વિકસાવવી.

**કોમનવેલ્થ ફાઉન્ડેશન**

'કોમનવેલ્થ ફાઉન્ડેશન'ની સ્થાપના ૧૯૬૬માં થઈ. તે સભ્ય દેશોની સરકારોનું સંગઠન છે. તેનો હેતુ રાષ્ટ્રકુળના દેશોમાં વ્યવસાયી અને બિનસરકારી સમુદાયોનાં કામોને વિચારો, અનુભવો, કુશળતાઓ અને જાણકારીના આદાન-પ્રદાન દ્વારા સહકાર દ્વારા ટેકો આપવાનો છે. તે શાંતિ અને આંતરરાષ્ટ્રીય સહકારને, લોકશાહી તથા સુશાસનને પ્રોત્સાહન આપે છે, અને ચિરંતન આર્તિક અને સામાજિક વિકાસ દ્વારા ગરીબી નિવારણને તથા કાયદાના શાસન અને માનવ અધિકારોને માન આપે છે. તેની પ્રથમ બેઠક ઝિમ્બાબ્વેમાં હરારેમાં ૧૯૯૧માં મળી હતી. તેનો વિષય હતો પર્યાવરણીય ચિરંતન વિકાસ. તેની બીજી બેઠક ૧૯૯૫માં ન્યૂ ઝીલેન્ડમાં વેલિંગ્ટનમાં મળી હતી અને તેનો વિષય હતોઃ 'ગરીબી નિવારણઃ સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા'.

- રાજ્ય તેના નાગરિકો અને અન્ય દેશોના લોકો પ્રત્યેની માનવ અધિકારો તથા સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવાની તથા પારસ્પરિક સહિષ્ણુતા, સ્વીકૃતિ અને સન્માન માટેનું વાતાવરણ ઊભું કરવા માટેની પોતાની આંતરરાષ્ટ્રીય ફરજો નિભાવે તે જોવું.
- વૈશ્વિકીકરણની હાનિકારક અસરોના સામના માટે ખાનગી કંપની ક્ષેત્ર, નાગરિકો અને નાગરિક સમાજ સાથે સહયોગ સાધવો.

૧૧.૧૯૯૯ની રાષ્ટ્રકુળના દેશોની સરકારોના વડાઓની બેઠકોને અમે ખાસ વિનંતી કરીએ છીએ:

- તેઓ ઉપરોક્ત ભલામણો સ્વીકારે; અને
- ૨૦૦૧ની તેમની બેઠક વખતે નાગરિક સમાજમાં સધાયેલી પ્રગતિ અંગે સરકારો અને કોમનવેલ્થ ફાઉન્ડેશન અહેવાલો રજૂ કરે.

## રાષ્ટ્રીય અભ્યાસ

ભારતમાં પણ આ પરિયોજના હાથ ધરવામાં આવી. એશિયામાં ભારત ઉપરાંત પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, મલેશિયા અને સિંગાપોરમાં તે હાથ ધરાઈ. આ પરિયોજનાએ ભારતમાં ખૂબ ઉત્સાહ જગાવ્યો કારણ કે વર્તમાન ભારતીય સંદર્ભમાં આ પ્રશ્નો વધારે પ્રસ્તુત હતા. નવ સહયોગી સંસ્થાઓ તેમાં સામેલ થઈ અને ૧૩ રાજ્યોમાં અભ્યાસ હાથ ધરાયો. ૨૦૦૦ લોકો પાસેથી ઉત્તરો મેળવાયા. 'પ્રિયા'એ તેનું સંકલન કર્યું. દરેક રાજ્યમાં વિકાસના પ્રશ્નોના સંદર્ભમાં વિસ્તારો નક્કી કરાયા. એ રીતે કુલ ૧૮ વિસ્તારોમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો.

આમાં મુંબઈના ફૂટપાથવાસીઓ, અમદાવાદના અસંગઠિત કામદારો, કચ્છનાં કુટુંબો, રાજસ્થાનના નાના ખેડૂતો, હરિયાણાનાં ગ્રામીણ કુટુંબો, દિલ્લીના યુવાનો, દિલ્લીની કામ કરતી મહિલાઓ, હિમાચલ પ્રદેશમાં પ્રવાસન ક્ષેત્રે કામ કરતા લોકો, ભોપાલના શહેરી ગરીબો, બિહારના સંથાલ આદિવાસીઓ, આસામમાં સંઘર્ષનો અનુભવ કરતાં કુટુંબો, નાગાલેન્ડનાં કુટુંબો, ઓરિસ્સાની પદદલિત સ્ત્રીઓ, કેરળના માછીમારો અને કેરળના અખાતના દેશોમાં જતા સ્થળાંતરિતોનો સમાવેશ થતો હતો. દરેક જૂથ કે વિસ્તાર માટે અહેવાલ તૈયાર કરવામાં આવ્યો. એ તમામ અહેવાલોને આધારે ભારતનો અહેવાલ તૈયાર થયો અન તે પછી એશિયાના પ્રાદેશિક અહેવાલમાં સમાવવામાંઆવ્યો. આ પ્રાદેશિક અહેવાલ સવૈચ્છિક સંસ્થાઓની બેઠકમાં બીજે દિવસે રજૂ કરાયો હતો.

**કાર્યલક્ષી યોજના**

કોમનવેલ્થ એનજીઓ ફોરમની ત્રીજી બેઠક એમ માને છે કે સારા સમાજની સ્થાપના કરવા નાગરિકો, નાગરિક સમાજનાં બિનસરકારી અને સમુદાય-આધારિત સંગઠનો સહિતનાં સંગઠનો, રાષ્ટ્રીય સરકારો અને આંતરસરકારી સંગઠનો વ્યક્તિગત રીતે અને પરસ્પર સહયોગ સાધીને કામ કરે તે જરૂરી છે. ફોરમ તેમને માટે નીચેનાં પગલાં સૂચવે છેઃ

**નાગરિકો**

નાગરિકોની એ જવાબદારી છે કે તેઓ-


- પોતે પોતાના આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક વિકાસ માટે તથા સ્વાવલંબન સિદ્ધ કરવા માટે જે પગલાં લઈ શકે તે લે.
- નિષ્ઠા સાથે કામ કરે, અન્યો સાથે આદાન-પ્રદાન કરે, બીજાઓની સારસંભાળ લે, મજબૂત મૂલ્યોને પ્રોત્સાહન આપે, કરવેરા ચૂકવે, ન્યાયી કાયદાઓનો અમલ કરે અને આગામી પેઢીને માર્ગદર્શન આપે અને એ રીતે તેઓ નાગરિકોને છાજે તેવું નમૂનારૂપ વર્તન કરે.
- અન્ય લોકો સાથેના સહયોગમાં કામ કરીને, પારસ્પરિકતા અને એકતાનાં મૂલ્યો ઊભાં કરીને અને પોતાના સમુદાયોમાં સંસાધનો, સવલતો અને જીવંતતા ઊભી કરવા પોતાને અસર કરનારી બાબતોમાં સક્રિય રીતે સહભાગી બને.
- જે લોકો પોતાને માટે અને બીજાઓને માટે જવાબદારી લઈ શકે તેવા લોકોને ઓળખી કાઢી તથા તેમને તેમની ભૂમિકા ભજવવા દઈ સમુદાયમાં નેતૃત્વ ઊભું કરે.
- જાહેર પ્રશ્નોમાં ફરીથી સક્રિય થાય, તેમાંથી શીખે અને જ્યાં જરૂરી હોય ત્યાં રાજકારણના વ્યવહારનાં સાધનોને સુધારે. જાહેર મંચમાં ભાગ લઈને નાગરિકો તેમનાં હિતોને આગળ ધપાવે, અન્યાયોને પડકાર ફેંકે અને પ્રતિભાવાત્મક સરકાર ઊભી કરવામાં મદદ કરે.
- જાહેર બાબતો, ચર્ચાઓ અને વાટાઘાટોમાં સામેલ થાય અને એ રીતે પોતે રાજકારણમાંથી જે ઈચ્છે છે તેમાંનું કશુંક મેળવે.

**નાગરિક સમાજનાં સંગઠનો**

તમામ નાગરિક સંગઠનોની એ જવાબદારી છે કે તેઓ-

- સારા સમાજના સર્જનના કેન્દ્રમાં નાગરિકોનાં કાર્યો છે તે સ્વીકારે અને સક્રિય નાગરિકત્વ અંગેના પ્રશ્નો વિશે લોકોને શિક્ષણ આપે.
- નાગરિકો તેમના અધિકારો અને જવાબદારીઓ વિશે જાગૃત કરવા, નાગરિકો તેમના અધિકારો ભોગવે તે માટે તેમને તૈયાર કરવા અને જવાબદારીઓ લે તે માટે તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે.

## નાગરિકો, નાગરિક સંગઠનો અને રાજ્યઃ પારસ્પરિક તાણાવાણા




*અહીં રાજ્ય, નાગરિકો અને નાગરિક સંગઠનો પરસ્પર સંકળાયેલાં છે. નાગરિકો સહભાગિતાથી રાજ્ય સાથે જોડાણ અનુભવે છે. રાજ્ય અને નાગરિક સંગઠનો સ્પર્ધા અને સહકાર મારફતે નાગરિકોની જરૂરિયાતો પૂર્ણ કરે છે. અને નાગરિકો તથા નાગરિક સંગઠનો બંને રાજ્ય સાથે સંપર્ક ઊભો કરે છે.*

કોમનવેલ્થ ફાઉન્ડેશને હાથ ધરેલા અભ્યાસમાંથી મળેલાં તારણોમાંથી નૂતન નાગરિક સમાજ માટે વિવિધ અદાકારોની જે ભૂમિકા અને પારસ્પરિક સંબંધોનું મહત્ત્વ ઊભાં થાય છે એ અગત્યનું છે. સમાજમાં ત્રણ અદાકારો છે:

**૧.** રાજ્ય, **૨.** નાગરિકો, **૩.** નાગરિક સમાજનાં સંગઠનો

૧. ઐતિહાસિક રીતે જોઈએ તો રાજ્ય અને નાગરિક સમાજનાં સંગઠનો વચ્ચેના સંપર્ક માટે સૌથી વધુ ધ્યાન અપાયું છે અને તેને માટે સૌથી વધુ સંસાધનો ખર્ચાયાં છે. એ બે વચ્ચેનો સંબંધ સ્પર્ધા અને સહકાર બંનેનો છે. રાજ્ય અને નાગરિક સમાજનાં સંગઠનો લોકોની ઈચ્છાઓની પરિપૂર્તિ માટે સહકાર સાધે અને સંસાધનો મેળવવા તથા પ્રભાવ પાડવા સ્પર્ધા કરે. સરકારનાં કાર્યક્રમો અને નીતિઓ નાગરિકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા મહત્ત્વનાં છે.

૨. નાગરિકો અને નાગરિક સમાજનાં સંગઠનો વચ્ચેનો સંબંધ વિશ્વાસ, સંભાળ, પ્રેમ અને આદરનો છે. નાગરિકો આવાં સંગઠનોમાં વધુ ને વધુ સક્રિય બને એ જરૂરી છે. નાગરિક સમાજનું મજબૂત સાહચર્ય ઊભું કરવામાં એ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

૩. રાજ્ય અને નાગરિકો વચ્ચેનો સંબંધ અત્યાર સુધી સ્વૈચ્છિક સંસ્થાઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને રાજકીય પક્ષોનાં માળખાં દ્વારા વ્યક્ત થતો રહ્યો છે. પણ સુશાસન અને સારા સમાજ માટે નાગરિકો અને રાજ્ય વચ્ચે સીધો સંબંધ પ્રસ્થાપિત કરવાની આવશ્યકતા છે. સહભાગિતા અને સમાવેશ એનાં ઘટક તત્ત્વો હોવાં જોઈએ.

રાજ્ય, નાગરિકો અને નાગરિક સમાજનાં સંગઠનો સારો સમાજ અને સુશાસન ઊભું કરવામાં પરસ્પર સહયોગની ભૂમિકા ભજવી શકે છે. રાજ્ય નાગરિકોની માંગનો પ્રતિભાવ આપે અને આ માંગનું ઘડતર નાગરિક સમાજનાં સંગઠનો કરે એ આવશ્યક છે. રાજ્ય અને નાગરિકો વચ્ચે આ રીતે સીધો સંબંધ પ્રસ્થાપિત થઈ શકે.

નાગરિકો અને શાસન વચ્ચેનો સુદૃઢ સંબંધ આપણા વર્તમાન સમાજના પડકારો ઝીલવા માટેની ભૂમિકા તૈયાર કરે છે. પ્રતિભાવાત્મક શાસન અને નાગરિકોની સક્રિય ભાગીદારી દ્વારા ગરીબી, ભેદભાવ અને અમુક વર્ગોને બાજુ પર ધકેલી દેવાની પ્રક્રિયાનો સામનો કરી શકાય.

સ્રોતઃ 'સિટિઝન્સ એન્ડ ગવર્નન્સ', કોમનવેલ્થ ફાઉન્ડેશનનો અહેવાલ, સપ્ટેમ્બર-૧૯૯૯.


- માહિતીની પ્રાપ્તિ, તાલીમ અને ટેકનિકલ સહાય માટેનો માર્ગ મોકળો કરીને સામુદાયિક નેતૃત્વ ઊભું કરે.
- સક્રિય અને જવાબદાર રાજ્ય સાથે ભાગીદારીમાં કામ કરી શકે એવો મજબૂત, સક્ષમ અને જવાબદાર નાગરિક સમાજ ઊભો કરવા મહત્ત્વની આવશ્યક ભૂમિકા ભજવે.
- પોતાના વિસ્તારમાં હિસાબની અસરકારક પદ્ધતિઓ વિકસાવે.

**સરકારો**

માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા અન્વયે અને હરારેની ૧૯૯૧ની ઘોષણા અન્વયે સરકારોએ જે સ્પષ્ટ ફરજો સ્વીકારી છે તે જોતાં સરકારોની જવાબદારી એ છે કે તેઓ-

- ન્યાયી બંધારણો ધરાવે અને મૂળભૂત માનવ અધિકારોની બાંયધરી અપાય તે જુએ અને તેમનું પાલન થાય તે જુએ કે જેથી નાગરિકો અભિવ્યક્તિ અને માધ્યમોની સ્વતંત્રતા, સંગઠનની અને સભાની સ્વતંત્રતા તથા તમામ સ્વરૂપે માહિતીનો અધિકાર મેળવીને શાસનમાં અસરકારક રીતે ભાગીદાર થઈ શકે.
- સ્ત્રીઓ, બાળકો અને યુવાનો, આદિવાસીઓ, લઘુમતીઓ, માનવ અધિકારોના રક્ષકો અને વડીલો જેવા ઐતિહાસિક રીતે વંચિત જૂથો પ્રત્યે વિશેષ ધ્યાન આપીને આર્થિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય તથા સામાજિક અધિકારો તમામ લોકોને મળે અને વહેંચણીજન્ય ન્યાય ઊભો થાય તે જુએ. ઉપરાંત, અપંગો, એઈડ્સ અને એવા બીજા પ્રાણઘાતક રોગો ધરાવતા લોકો પણ તેમના સમાજોમાં જીવનનાં તમામ પાસાંઓમાં કશાય ભેદભાવ વિના ભાગીદાર થાય તે જુએ.
- તમામ લોકોની પાયાની જરૂરિયાતો પૂરી પાડવાની અને ગરીબીનું નિવારણ કરવાની તથા શિક્ષણ પૂરું પાડવાની પ્રાથમિક જવાબદારી એમ સમજીને સ્વીકારે કે રાષ્ટ્રકુળમાં ગરીબ લોકોની બહુમતી છે, અને ગરીબી નિવારણની તમામ વ્યૂહરચનાઓમાં સામાજિક

## ભિન્ન વર્ગો અને ભિન્ન મતો




*અહીં પાયાની જરૂરિયાતો, સંપર્ક અને સહભાગિતા ઉપર નાગરિકો, તેમના નેતાઓ અને પ્રભાવશાળી નાગરિકો કેટલો ભાર મૂકે છે તે દર્શાવાયું છે. ત્રણેય સારા સમાજના સર્જન માટે વિવિધ માત્રામાં ત્રણેય બાબતો અંગે પોતાની પ્રાથમિકતા દર્શાવે છે.*

કોમનવેલ્થ ફાઉન્ડેશને હાથ ધરેલા અભ્યાસમાં નાગરિકો, નાગરિકોના નેતાઓ અને વિવિધ સ્વરૂપે સત્તા ભોગવતી પ્રભાવશાળી વ્યક્તિઓને સારા સમાજની રચના માટે શાની જરૂર છે એ વિશે પૂછવામાં આવ્યું હતું. તેમાંથી જે તારણો મળ્યાં છે તે આ મુજબ છે:

**નાગરિકો**

સામાન્ય નાગરિકો સારા સમાજની રચના કરવા માટે સૌ પ્રથમ મહત્ત્વ પાયાની જરૂરિયાતોને આપે છે, પછી તેઓ સંપર્ક કે મંડળને મહત્ત્વનું ગણે છે અને તેમને માટે રાજ્યમાં કે શાસનમાં સહભાગિતા ત્રીજા ક્રમે આવે છે. ખાસ કરીને ગરીબી, વંચિતતા અને પ્રાથમિક જરૂરિયાતોની પ્રાપ્તિમાં ભારે મુસીબતો અનુભવતા લોકો પાયાની જરૂરિયાતોની પ્રાપ્તિને સૌથી વધુ મહત્ત્વ આપે છે.

**નાગરિકોના નેતાઓ**

નાગરિકોનાં સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓ પાયાની જરૂરિયાતો, રાજ્ય સાથેનો સંપર્ક અને શાસનમાં સહભાગિતાને થોડું વધારે મહત્ત્વ આપે છે.

**પ્રભાવશાળી વ્યક્તિઓ**

જેઓ પ્રભાવશાળી વ્યક્તિઓ છે તેઓ પાયાની જરૂરિયાતોને ઓછું મહત્ત્વ આપે છે અને શાસનમાં સહભાગિતાને વધારે મહત્ત્વ આપે છે. આ વર્ગની પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ થઈ ગઈ છે તેથી તેમને મન સહભાગિતા વધારે મહત્ત્વની છે.

સ્રોત: 'સિટિઝન્સ એન્ડ ગવર્નન્સ', કોમનવેલ્થ ફાઉન્ડેશનનો અહેવાલ, સપ્ટેમ્બર-૧૯૯૯.

સામેલગીરીને કેન્દ્રસ્થાને મૂકવામાં આવે અને સરકારોથી સ્વતંત્ર એવાં ગરીબોનાં વ્યાપક સંગઠનોને વિકસાવવા માટે સંસાધનોની આવશ્યકતા છે તે પિછાણવામાં આવે.

- અણુશસ્ત્રોના નાશ, લશ્કરોના વિસર્જન તથા સંઘર્ષના ઉકેલની આંતરિક અને આંતરરાષ્ટ્રીય સ્તરની નીતિઓ અપનાવીને સમાજનાં તમામ સ્તરોએ શાંતિ અને સલામતી વિકસાવે.
- સમાન તકો મળે અને સંસાધનોની સમાન વહેંચણી થાય તથા સંસાધઝનો અને સત્તાની અસમાન વહેંચણી માટે જવાબદાર એવા વંશીય અને ધાર્મિક સંઘર્ષો દૂર થાય તે માટે નાગરિક સમાજનાં સંગઠનો અને નાગરિકો સાથે કામ કરે.
- રાષ્ટ્રકુળના વર્તમાન અને ભાવિ તમામ નાગરિકોના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કલ્યાણના કેન્દ્રમાં રહેલાં પ્રાકૃતિક સંસાધનોના ચિરંતનાત્મક સંચાલન માટે નાગરિકો, નાગરિક સમાજનાં સંગઠનો અને ખાનગી કંપની ક્ષેત્ર સાથે કામ કરે.
- જેઓ સ્વતંત્ર ન હોય તેવા પ્રદેશોમાં જીવે છે તેવા લોકો સહિતના રાષ્ટ્રકુળના તમામ લોકો રાષ્ટ્રકુળના કુટુબંનો મહત્ત્વનો ભાગ છે તે સ્વીકારે અને રાષ્ટ્રકુળની ઘટનાઓમાં તેમની ભાગીદારી ઊભી થવી જોઈએ.
- ભૌતિક, પ્રાકૃતિક અને માનવ સંસાધનો ટકાવે અને રસ્તાઓ, પરિવહન, સિંચાઈ, વીજળી તથા અન્ય સેવાઓમાં રોકાણ કરે કે જેનાથી સાંસ્કૃતિક રીતે યોગ્ય આર્થિક અને સામાજિક સાહસો વિકસાવવા નાગરિકો સક્ષમ બને.
- નાગરિક સમાજનાં સંગઠનોની સરળ કામગીરી માટે યોગ્ય કાનૂની અને રાજકીય વાતાવરણ ઊભું કરે.
- નીતિનું ઘડતર, અમલ, દેખરેખ અને મૂલ્યાંકનમાં નાગરિક સમાજનાં સંગઠનો સાથે આદરપાત્ર અને સમાન ભાગીદાર તરીકે કામ કરે અને નાગરિક સમાજનાં સંગઠનો માટે સ્વતંત્ર નાણાં વ્યવસ્થા ઊભી કરે.
- ભ્રષ્ટાચાર ડામવા અને દૂર કરવા તથા પારદર્શકતા અને વિશ્વસનીયતા ઊભાં કરવા નાગરિકો અને નાગરિક સમાજનાં સંગઠનોને સામેલ કરવાનાં નવાં પગલાં વિકસાવે અને તેમનો અમલ કરે.
- યોગ્ય સંસાધનો સાથે સત્તાની વહેંચણી કરે અને સ્થાનિક શાસનમાં નાગરિકોની ભાગીદારી ઊભી કરે.
- શાસનમાં નાગરિકોને સામેલ કરે. માહિતીના પ્રદાન માટે, લોકો સાથે સંપર્કો ઊભા કરવા માટે અને ચર્ચાને પ્રોત્સાહન આપવા માટેનાં વ્યૂહરચનાઓ, માલખાંઓ અને પદ્ધતિઓનો અમલ કરવાની જરૂર છે. જાહેર નેતાઓ અને કર્મચારીઓ તેમનાં કાર્યો માટે દેખીતી રીત ઉત્તરદાયી બને તે પણ જરૂરી છે.
- સમુદાયમાં નાગરિકોનાં પગલાંને ટેકો આપે.
- શક્ય હોય ત્યાં તુમારશાહી ઘટાડીને અને યોગ્ય હોય ત્યાં નાણાં પૂરાં પાડીને આવાં પગલાંને મહત્ત્વનાં ગણે, પ્રોત્સાહન આપે અને તેમને માટે માર્ગ મોકલો કરે.

**આંતરરાષ્ટ્રીય સંગઠનો**

રાષ્ટ્રકુળ સહિતનાં આંતરરાષ્ટ્રીય સંગઠનોની જવાબદારી છે કે તેઓ-

- નાગરિકોની ભાગીદારી અને પગલાં વધારવાના પ્રયત્નોને ટેકો આપે, અને નાગરિકો, સરકારો તતા સેતુરૂપ સંસ્થાઓ વચ્ચેનો સહકાર ટેકનિકલ સહાય, માહિતી અને નાણાં પૂરાં પાડીને વધુ સિદ્ધિ કરે.
- સારા વ્યવહાર માટેનાં વર્તમાન મોડેલની સમીક્ષા કરે અને કેટલીક પ્રાયોગિક યોજનાઓ વિકસાવીને નવાં મોડેલને ઊભાં થવામાં મદદ કરે કે ટેકો આપે.
- તમામ સ્તરે સુશાસન અને લોકકેન્દ્રી વિકાસને આગળ ધપાવે અને વૈશ્વિકીકરણની હાનિકારક અસરોને લઘુત્તમ બનાવવા માટેની વ્યૂહરચનાઓના વિકાસને ટેકો આપે. આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ, વ્યાપાર સંગઠનો અને બહુરાષ્ટ્રીય કંપનીઓની નીતિઓમાંથી ઊભી થતી વિપરીત અસરો સામે પણ એવી નીતિ અપનાવે.

**ખાનગી કંપની ક્ષેત્ર**

સુશાસન એ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, બહુરાષ્ટ્રીય અને બહુપક્ષીય સ્તરે ખાનગી કંપની ક્ષેત્ર, જાહેર ક્ષેત્ર અને નાગરિક સમાજના તમામ અદાકારોની સંયુક્ત જવાબદારી છે. આ તમામ અદાકારોએ ખાનગી કંપની ક્ષેત્ર વિકસે અને સામાજિક જવાબદારીનાં મૂલ્યોનું પ્રતિબિંબ પાડે તેવી આચારસંહિતા તે વિકસાવે અને તેનો અમલ કરે તે માટેની કોઈક જવાબદારી સ્વીકારવી જોઈએ. રાષ્ટ્રીય સ્તરે તે નાગરિક સમાજ, રાજ્ય અને ખાનગી ક્ષેત્ર વચ્ચે ભાગીદારી ઊભી કરવા માટેનું સામુકૂળ વાતાવરણ પણ ઊભું કરશે.

આ ફોરમનો સંપૂર્ણ અહેવાલ ઈ.સ. ૨૦૦૦ના આરંભમાં પ્રકાશિત થશે.

**નાગરિકોનાં મંતવ્યોનો રાષ્ટ્રકુળના દેશોની સરકારોના વડાઓ દ્વારા સ્વીકાર**

૧. અમારામાંના મોટા ભાગના જે હોદ્દાઓ પર ચૂંટાયા છે તે ગરીબ લોકો દ્વારા ચૂંટાયા છે. તેથી જો અને અમારી જાતને ગરીબોના જગતના ચૂંટાયેલા પ્રતિનિધિઓની સભા ગણીએ તો તેમાં કશું ખોટું નથી. લોકોએ અમને ચૂંટાયા છે કારણ કે તેમને એવો વિશ્વાસ હતો કે અમે ગરીબોના બેલી છીએ. તેમની એવી ધારણા હતી કે તેઓ અમને સત્તાના સ્થાને મૂકે છે કે જેથી તેઓ વિકસી

**જુઓ પૃષ્ઠ ૨૫**

# શહેરી સ્વશાસન ક્ષેત્રે નાગરિક પ્રયાસો

**વિવેક રાવલ** અમદાવાદના સ્થપતિ છે અને શહેરી શાસન, ગ્રામ ગૃહનિર્માણ તથા વૈકલ્પિક તકનિકી વિષયો પર કામ કરે છે. તેઓ શહેરી સ્થાનિક સ્વશાસન અંગેના 'ઉન્નતિ'ના પ્રયાસોમાં પણ સામેલ છે. આ લેખ 'ઉન્નતિ' સાથેના તેમના કાર્યના અનુભવો, ચર્ચાઓ, મુલાકાતો, પ્રકાશિત સ્રોતો અને શહેરી સંસ્થાઓ સાથેની ચર્ચાઓને આધારે તૈયાર કરાયો છે.

આજે નગરપાલિકાઓ સંખ્યાબંધ સમસ્યાઓનો સામનો કરી રહી છે. ખરાબ માળખાગત સવલતો, ઊતરતી કક્ષાની આરોગ્ય સંભાળ અને શૈક્ષણિક સવલતો, કચરાના નિકાલ અને અપૂરતાં સંસાધનોની સમસ્યાઓ તેમાં મુખ્ય છે. આપણાં શહેરોની ખરાબ સ્થિતિ માટે રાજ્ય સરકારની વહીવટી અને રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ, સંસાધનોનો અભાવ, લોકોની સહભાગિતાની ગેરહાજરી અને શાસનમાં નાગરિક સમાજની સંસ્થાઓની ભાગીદારીનો અભાવ મુખ્યપણે જવાબદાર છે.

૧૯૮૯માં સ્વશાસન માટે સ્થાનિક સંસ્થાઓને સત્તાની વાસ્તવિક અને અસરકારક સોંપણી વિશે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્થાનિક સરકારોને મજબૂત કરવા માટે સંસદે ૭૩મો અને ૭૪મો એમ બે બંધારણીય સુધારા કર્યા. ૭૩મો સુધારો પંચાયતો માટે અને ૭૪મો સુધારો નગરપાલિકાઓ માટે કરાયો. એ પછી પંચાયતી રાજના પ્રશ્ને સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓમાં રસ જાગ્યો પણ નગરપાલિકાઓના શાસન અંગે ઝાઝું કશું થયું નથી.

૭૪મો બંધારણીય સુધારો નગરપાલિકાઓને ત્રીજા સ્તરની સરકાર તરીકેનો દરજ્જો આપે છે અને રાજકીય તથા વહીવટી સત્તાની વહેંચણીના હેતુ પર ભાર મૂકે છે. તેણે શહેરી સંસ્થાઓમાં અનામત દ્વારા મહિલાઓ અને પછાત સમુદાયોની ભાગીદારી વધારી છે. નગરપાલિકાઓને મજબૂત બનાવવા માટે નાણાં પંચોની રચના કરાઈ છે. ચૂંટણીઓ યોજવાનું ફરજિયાત બની ગયું છે. વિકાસલક્ષી આયોજનમાં જિલ્લા આયોજન સમિતિઓ દ્વારા અને વોર્ડ સમિતિઓ દ્વારા નાગરિકોની ભૂમિકા વધારવામાં આવી છે.

વાસ્તવમાં સ્વશાસનનો મુખ્ય હેતુ ૭૪મા બંધારણીય સુધારા અન્વયે સિદ્ધ કરવા માટે અને તેનાં યોગ્ય સુફળ ઊભાં થાય તે માટે નાગરિક સમાજનાં સંગઠનો નાના નાના પૂરક પ્રયાસો કરે તે અત્યંત જરૂરી છે. કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સ્થાનિક સ્તરે આવા પ્રયાસો થયા પણ છે.

**૧. જાહેર ઉત્તરદાયિત્વમાં વધારો**

નગરપાલિકાઓમાં જાહેર ઉત્તરદાયિત્વ વધારવા માટે સંગઠનો, નાગરિકો અને સરકારો દ્વારા પણ પ્રયાસો કરવામાં આવ્યા છે. તે નીચે મુજબ છેઃ

*ક. રિપોર્ટ કાર્ડ*

જાહેર ઉત્તરદાયિત્વ, ભ્રષ્ટાચાર અને શહેરી સંસ્થાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને બેંગલોરમાં 'પબ્લિક અફેર્સ સેન્ટર' દ્વારા 'રિપોર્ટ કાર્ડ'ની પદ્ધતિ વિકસાવવામાં આવી છે. તે સર્વેક્ષણની પદ્ધતિ છે. તેમાં નાગરિકો નગરપાલિકાઓ દ્વારા પૂરી પડાતી સેવાઓનું ક્રમાંકન કરે છે. આ કાર્ડમાંથી એકત્ર કરાયેલી માહિતી નગરપાલિકાની ઉપર વધારે સારી સેવાઓ પૂરી પાડવા અને ઉત્તરદાયિત્વ ઊભું કરવા દબાણ લાવે છે.

આ કેન્દ્રે સામૂહિક પગલાં માટે જાહેર નીતિ અને સેવાઓ અંગે સંશોધન, તેનાં તારણોનો ફેલાવો અને નાગરિકોનાં જૂથોને સહાય કરવી જેવાં પગલાં ભર્યાં છે. નગરપાલિકાઓની કામગીરી અંગે નાગરિકો જાગૃત થાય અને લોકોના પ્રશ્નો અંગે નગરપાલિકાના સત્તાવાળાઓ સંવેદનશીલ બને તે માટે 'રિપોર્ટ કાર્ડ'નો ઉપયોગ કરવામાં આવે છે.

ગુજરાતમાં 'ફાઉન્ડેશન ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ' દ્વારા કેટલીક નગરપાલિકાઓ માટે પાયાની સવલતો અંગે નાગરિકોની ભાગીદારી સાથે આવાં રિપોર્ટ કાર્ડ્ઝ તૈયાર કરાયાં છે.

*ખ. નાગરિકોનું ખતપત્ર*

૭૪મા બંધારણીય સુધારા અન્વયે તમામ નગરપાલિકાઓ નાગરિકોનું ખતપત્ર તૈયાર કરે તે ફરજિયાત છે. તેમાં નગરપાલિકા જે સેવાઓ આપે તે કેટલા સમયમાં પૂરી પાડે તે જણાવવાનું પણ ફરજિયાત છે. આ ખતપત્ર દ્વારા નગરપાલિકાઓ માત્ર તેમના હેતુઓ નક્કી નથી

કરતી પણ પોતાની કાર્યક્ષમ સેવાઓ અને રોજિંદી કામગીરી દ્વારા નાગરિકોને સંતોષ મળે તે માટેની પોતાની પ્રતિબદ્ધતા નક્કી કરે છે.

સરકારની પહેલથી ઘણી નગરપાલિકાઓમાં આવાં નાગરિકોનાં ખતપત્રો તૈયાર થયાં છે. સ્કૂલ ઓફ પ્લાનિંગ, સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી (સીઈપીટી), અમદાવાદ તથા સિટી મેનેજર્સ એસોસીઓશન ગુજરાત અને સ્વૈચ્છિક સંસ્થાઓએ આ ખતપત્ર તૈયાર કરવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. લોકોની સહભાગિતા વધે તે માટે ખતપત્રની નાગરિકોમાં વ્યાપકપણે વહેંચણી કરાવી જોઈએ. કમનસીબે એ થયું નથી એટલે એ અસરકારક બન્યું નથી.

## ૭૪મા બંધારણીય સુધારાનો કાયદો, ૧૯૯૨

૧૯૯૨માં સંસદમાં સ્થાનિક સરકારને સત્તા આપવાનાં અસરકારક પગલાંઓ વિશે ચર્ચા-વિચારણાઓ શરૂ થઈ જે ૧૯૯૨માં ૭૪મા બંધારણીય સુધારણાના કાયદામાં પરિણમી. આ કાયદા સાથે પ્રકાશિત થયેલ હેતુઓ અને કારણોમાં દર્શાવ્યા અનુસાર ઘણાં રાજ્યોમાં સ્થાનિક સરકારો વિવિધ કારણોસર નબળી છે અને બિનઅસરકારક સાબિત થઈ રહી છે. તેમાં ચૂંટણી પ્રથાની ગેરવ્યવસ્થાઓ, લાંબા ગાળાનાં દબાણો, સત્તા અને કાર્યોની બિનઅસરકારક સોંપણી વગેરેનો સમાવેશ થાય છે. તેના પરિણામે શહેરી સ્થાનિક સરકારો સ્વાયત્ત સરકારના એક પ્રગતિશીલ સ્વતંત્ર એકમ તરીકે ફરજ બજાવવામાં બિનઅસરકારક બની રહ્યાં છે.

### કેટલાંક અગત્યનાં અંગો

આ ધારાનાં કેટલાંક મહત્ત્વનાં અંગો - માળખું, રચના, સત્તા અને કાર્યો, નાણાકીય બાબતો અને યોજના - નીચે દર્શાવ્યા મુજબ છે:

### માળખું

૭૪મો બંધારણીય સુધારો નગરનાં કદમાપ અનુસાર ત્રણ પ્રકારની શહેરી સ્વાયત્ત સરકારો રજૂ કરે છે. નગરીકરણની પ્રક્રિયામાંથી પસાર થતા વિસ્તારો માટે નગર પંચાયત નાનાં, મધ્યમ કદનાં નગરો માટે મ્યુનિસિપલ કાઉન્સિલ અને મોટાં શહેરો માટે મહાનગરપાલિકા આ પ્રકારના વિભાગીકરણની વિગતો રાજ્ય સરકારો પર છોડવામાં આવી છે. નગરપાલિકાઓની રચના પહેલાંથી તૈયાર કરાયેલા નગરપાલિકાકરણના મુદ્દાઓ પર આધારિત હશે નહીં કે ફક્ત રાજકીય નિર્ણયો પર. આ મુદ્દાઓ વસ્તી, વસ્તીની ગીચતા, આવકનું પ્રમાણ અને ખેતી સિવાયની પ્રવૃત્તિઓ પર આધારિત હશે.

ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતાં નગરોમાં વોર્ડ કમિટીની રચના કરવાનું સૂચિત થયું છે જે વિકેન્દ્રીકરણનું એક અગત્યનું પગથિયું પુરવાર થશે.

નગર વિસ્તાર સમિતિ અને નોટિફાઈડ વિસ્તાર જેવાં નિમણૂક પામેલાં સંસ્થાકીય માળખાંઓ દૂર કરાશે.

૭૪મો બંધારણીય સુધારો આર્થિક બાબતો, સામાજિક ન્યાય અને વિકાસ યોજનાઓના અમલીકરણને લગતી ફરજો નગરપાલિકાઓને સોંપી દેવાના હેતુ ધરાવે છે. નગરપાલિકાની ફરજો ૧૨મી યાદી અનુસાર એક નવું પરિણામ ધરાવતી થશે, જે કેટલીક પ્રાચીન ફરજો ઉપરાંત નવી અને મહત્ત્વાકાંક્ષી ફરજો પણ ધરાવે છે. રાજ્ય બંધારણ આ ફરજોની યાદીને બદલી શકે છે.

નગરપાલિકાઓ અને અન્ય સમાન શહેરી વિકાસ વર્તુળોની ફરજોમાં શહેરી વહીવટ ઉપરાંત શહેરી વનીકરણ, શહેરી ગરીબી નિવારણ, સ્લમ સુધારણા અને આર્થિક તથા સામાજિક વિકાસનું આયોજન વગેરે કેટલાંક નવાં કાર્યો યાદીમાં સમાવિષ્ટ થયાં છે. જે સ્વાસ્થ્ય, શહેરી મૂળભૂત સુવિધાઓ જેમ કે બાગ-બગીચાઓ અને જાહેર બાથરૂમો, પાણી પુરવઠો, રસ્તાઓ, ગટર વ્યવસ્થા, જન્મ-મરણની નોંધણી, વેરાની વસૂલાત વગેરે સામાન્ય કાર્યો ઉપરાંતનાં છે.

### આયોજન

૭૪મા બંધારણીય સુધારા અનુસાર ચૂંટાયેલા નગરપાલિકાના પ્રતિનિધિઓ સૂચિત જિલ્લા આયોજન સમિતિમાં ભાગ લેશે, જેની રચના વિકાસલક્ષી આયોજન નહીં કે ફક્ત જમીનને વપરાશને લગતાં આયોજન, અને શહેરી અને ગ્રામ વિસ્તારના વિકાસના એકીકરણના હેતુઓ સાથે જિલ્લા કક્ષાએ કરવામાં આવશે. આ જિલ્લા આયોજન સમિતિઓ નગરપાલિકાઓ અને પંચાયતોએ બનાવેલ વિકાસ આયોજનોને સઘન બનાવી આખા જિલ્લા માટે વિકાસ યોજના તૈયાર કરશે.

આ એક ફરજિયાત જોગવાઈ છે જેના હેઠળ રાજ્ય સરકારે દરેક જિલ્લામાં એક જિલ્લા આયોજન સમિતિની રચના કરવાની રહેશે. આ સમિતિનું બંધારણ જિલ્લાની કુલ પંચાયતો અને નગરપાલિકાઓની સંખ્યાનાં પ્રમાણમાં હશે જ્યારે સમિતિના કુલ સભ્યોની સંખ્યા ૪/૫ જેટલા સભ્યો ચૂંટાયેલા પ્રતિનિધિઓ હશે. સમિતિમાં સભ્ય સંખ્યા અને અન્ય સભ્યો અંગે રાજ્ય સરકાર નિર્ણય કરવાની સત્તા ધરાવે છે.

## ૨. સંશોધન અને હિમાયત

અનેક સંસ્થાઓએ ૭૪મો બંધારણીય સુધારો અને નગરપાલિકા અંગે સંશોધનો કર્યાં છે. 'ટાઈમ્સ રિસર્ચ ફાઉન્ડેશન' (ટીઆરએફ) દ્વારા ખાસ કરીને પંજાબ અને તામિલનાડુની નગરપાલિકાઓનો સઘન અભ્યાસ હાથ ધરાયો છે. તેમણે બંધારણીય સુધારાનાં સારાંનરસાં પાસાં વિશે મૂલ્યાંકન કરીને એક અહેવાલ તૈયાર કર્યો છે. કામગીરીની વહેંચણીનો અભાવ, નગરપાલિકાઓની અને અર્ધસરકારી સંસ્થાઓ તથા વોર્ડ સમિતિઓ તથા જિલ્લા આયોજન સમિતિઓની પરસ્પર વિરોધી ભૂમિકાઓ તેમાં જણાયાં છે.

## ૩. ક્ષમતા વિકાસ

નવી દિલ્લીની 'નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ અર્બન અફેર્સ' જેવી સંસ્થાઓ પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નગરપાલિકાના કર્મચારીઓને તાલીમ આપવાની શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવાના હેતુથી સંશોધન કરે છે. તેણે કર્મશીલો અને સ્થાનિક કાર્યકરો માટે પણ તાલીમ સામગ્રી તૈયાર કરી છે. ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો, નાગરિકો વગેરે માટે અલગ અલગ રીતે પણ પ્રશિક્ષણ સામગ્રી તૈયાર કરાઈ છે. તે હરિયાણામાં સોનેપત, ફરિદાબાદ અને ગુરગાંવની નગરપાલિકાઓને જરૂરી માહિતી પૂરી પાડે છે અને તેમની કામગીરી તથા પ્રશ્નો સમજવાનો પ્રયાસ કરી રહી છે.

બેંગલોરની 'ટાઈડ' નામની સંસ્થાએ ક્ષમતાવર્ધનનું કામ હાથમાં લીધું છે. તે શહેરી સ્થાનિક સંસ્થાઓને તાલીમ આપે છે. નકશાકામ, કાર્યલક્ષી આયોજન અને માહિતીના કોમ્પ્યુટરીકરણ અંગે કામ કરીને તે નાગરિકોની ભાગીદારી વધારવા પ્રયાસ કરે છે. કર્ણાટકમાં રામનગરમ્, ઉડિપી, મેંગલોર, મેડિકરી, ગોડાક, હુબલી-ધારવાડ અને શિમોગામાં તેણે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

## ૪. નાગરિકો અને નગરપાલિકાઓ વચ્ચેના સંબંધો

૭૪મા બંધારણીય સુધારાના હેતુઓ પાર પાડવા માટે નાગરિકો અને નગરપાલિકાઓ વચ્ચેના સંબંધો ખૂબ જ મહત્ત્વના છે. અમદાવાદમાં 'ફાઉન્ડેશન ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ' નાગરિકોની સહભાગિતા વધે તે માટે સક્રિય રીતે સામેલ છે. તે શહેરી શાસનની શ્રેષ્ઠ રીતો અંગેની માહિતી પદ્ધતિસર એકત્ર કરે છે અને તેનો પ્રચાર-પ્રસાર કરે છે કે જેથી અન્ય નાગરિકોને પણ પ્રેરણા મળે.

'નગર વિકાસ ડગર' નામનું સમાચારપત્ર તે પ્રકાશિત કરે છે. તેમાં નાગરિકો અને નગરપાલિકાઓ વચ્ચે સંવાદ ઊભો કરવાના પ્રયાસો કરવામાં આવે છે. તે 'સેવા'ની સ્વરોજગાર પ્રાપ્ત કરતી મહિલાઓ અને અમદાવાદ મહાનગરપાલિકા વચ્ચે સંબંધો વિકસાવવાનો પ્રયાસ કરે છે કે જેથી મ્યુનિસિપલ સેવાઓની ગુણવત્તા સુધરે.

## ૫. સહભાગી આયોજન

મોટાં શહેરો માટે સત્તાવાળાઓ યોજનાઓ તૈયાર કરે છે. આ યોજનાઓ એકંદર વિકાસ અંગે માર્ગરેખા પૂરી પાડે છે. નાનાં શહેરોમાં આવી યોજનાઓ હોતી નથી. પરંતુ ૭૪મા બંધારણીય સુધારા બાદ નાણા અને મધ્યમ કક્ષાનાં શહેરોમાં નાગરિકોની ભાગીદારી સાથે વિકાસલક્ષી યોજનાઓ તૈયાર થાય તે માટેનો અવકાશ ઊભો થયો છે. સહભાગિતાની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરીને અને લાગતાવળગતા સૌને સામેલ કરીને વિસ્તાર પ્રમાણે ચૂંટાયેલા પ્રતિનિધિઓ, નાગરિકોનાં જૂથો, વિવિધ વ્યાપારી જૂથો, મહિલાઓ, ઝૂંપડાવાસીઓ વગેરેને તેમાં સામેલ કરી શકાય. વોર્ડ વાર યોજનાઓ પછી શહેરની એક રોકાણ, ભૌતિક વિકાસ, વિકાસમાં નાગરિકોની સહભાગિતા અને નિર્ણય પ્રક્રિયામાં પારદર્શિતા વિશે પ્રાથમિકતા નક્કી થાય.

કેરળમાં 'કોમ્યુનિટી ડેવલપમેન્ટ સોસાયટી' દ્વારા સહભાગી આયોજનનો અભિગમ અપનાવાયો. પડોશ સમિતિ, વિસ્તાર વિકાસ મંડળ અને સમુદાય વિકાસ મંડળ એમ ત્રણ સ્તરની સંસ્થાઓ નગરપાલિકા સાથે જોડાય છે અને યોજના બનાવે છે. આ વ્યૂહરચનાનાં કેટલાંક લક્ષણો 'સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના' જેવી રાષ્ટ્રીય યોજનાઓમાં પણ કેન્દ્ર સરકારે સ્વીકાર્યાં છે.

## ૬. ઝૂંપડપટ્ટી વચ્ચે સંકલન

ઈન્દોરમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સેવાઓનું માળખું વિકસાવવા માટે શ્રી હિમાંશુ પરીખે આ નવતર ખ્યાલ પ્રયોજ્યો છે. તેમાં 'ઈન્દોર વિકાસ સત્તામંડળ' ઝૂંપડાવાસી નાગરિકો અને બહુપક્ષીય દાતા સંસ્થાઓ વચ્ચે ભાગીદારીમાં આ અભિગમ અપનાવાયો છે. તેમાં રસ્તા, પાણી, ગટર વ્યવસ્થા અને સફાઈ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. અમદાવાદની મહાનગરપાલિકાએ પણ આવો જ પ્રયાસ કર્યો છે. અરવિંદ મિલના 'શારદા ટ્રસ્ટ' અને 'સાથ' સંસ્થાએ મળીને સંજયનગરમાં હિમાંશુ પરીખના ટેકનિકલ ટેકા સાથે માળખાગત સવલતો સુધારવા પ્રયાસ કરાય છે. ઈન્દોરમાં સમગ્ર ઝૂંપડપટ્ટી વિસ્તારોને શહેરી સેવાઓ સાથે સાંકળવામાં આવે છે. જ્યારે અમદાવાદમાં એક જ ઝૂંપડપટ્ટી વિસ્તારને આ રીતે સાંકળવામાં આવ્યો છે તેમાં ઝૂંપડાવાસીઓની સક્રિય ભાગીદારી નોંધપાત્ર લક્ષણ છે.

## ૭. નાગરિક સંગઠનોના પ્રયાસો

નાગરિકોનાં જૂથો અને સંગઠનોએ પણ શહેરી સેવાઓના ક્ષેત્રે મહત્ત્વનું

કામ કર્યું છે. વડોદરાની ‘બરોડા સિટિઝન્સ કાઉન્સિલ’ અને ચેન્નઈમાં ‘સિવિક એક્સનોરા’ આવાં બે નોંધપાત્ર ઉદાહરણો છે.

*ક. સામુદાયિક આરોગ્ય અને સફાઈ*

‘બરોડા સિટિઝન્સ કાઉન્સિલ’ વડોદરા મહાનગરપાલિકા સાથે મળીને આરોગ્ય સેવાઓ સુધારવા કામ કરે છે. કાઉન્સિલના સભ્યો સ્વૈચ્છિક સેવાઓ પૂરી પાડે છે. રસીકરણના કાર્યક્રમમાં તથા આરોગ્યના અન્ય કાર્યક્રમમાં તે સહયોગ આપે છે. રોટરી ક્લબ જેવી સંસ્થાઓને સામેલ કરીને તે ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં આરોગ્ય, સફાઈ અને અપંગોના પુનર્વસવાટ ક્ષેત્રે કામ કરે છે. રામદેવનગરના ઝૂંપડાવાસીઓને પાણી અને સફાઈની સેવાઓ સુધારવા અને સહભાગી બનાવાયા છે.

*ખ. કચરાનો નિકાલ*

‘એક્સનોરા ઈન્ટરનેશનલ’ નામની સ્વૈચ્છિક સંસ્થાએ ઘરેલૂ કચરાના નિકાલ માટે પ્રયાસો હાથ ધર્યા છે અને રસ્તાને સુંદર અને સ્વચ્છ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ચેન્નઈના દરેક રસ્તા ઉપર જ્યાં મહાનગરપાલિકાના કચરાના મોટા ડબ્બા છે ત્યાં ઘરોમાંથી એકત્ર કરેલો કચરો નાખવામાં આવે છે. કચરો વીણનારને તે માટે તાલીમ અપાઈ છે, તેમને ખાસ ડિઝાઈનની ટ્રાઈસાઈકલ અપાઈ છે. તેઓ રોજ ઘરોમાંથી કચરો ભેગો કરે છે અને રસ્તા વાળે છે અને કચરાનું વર્ગીકરણ પણ કરે છે. ૭૫થી ૧૦૦ કુટુંબોનાં નાનાં જૂથ બનાવાયાં છે અને તે મુખ્ય સંસ્થા સાથે સંકળાયેલાં છે. દરેક ઘર દર મહિને કચરો લેનારના પગાર પેટે રૂ. ૧૦થી રૂ. ૨૫નો ફાળો આપે છે. આજે ચેન્નઈમાં આવા ૯૦૦ ‘સિવિક એક્સનોરા’ કામ કરે છે. તેમણે એક લાખ વૃક્ષોનું વાવેતર પણ કર્યું છે. રસ્તાઓ, બગીચાઓ, મેદાનો અને સ્મશાનો તથા કબ્રસ્તાનોમાં વૃક્ષો અને શહેરને સુંદર બનાવવાનું ધ્યેય રખાયું છે. ‘સિવિક એક્સનોરા’ હવે સ્થાનિક સ્તરની સ્વૈચ્છિક સંગઠન તરીકે કામ કરે છે અને સ્થાનિક જરૂરિયાતો અનુસાર સ્થાનિક કાર્યક્રમ ઘડી કાઢે છે.

નાગરિકોની સહભાગિતા ઉપર ભાર મૂકે છે. તેથી રોજરોજના પ્રશ્નોમાં તે વધે તેના પ્રયાસોને મજબૂત કરવાની જરૂર છે. તે માટે વિવિધ હિતધારકો સક્રિય રીતે સામેલ થાય તે આવશ્યક છે. ‘ઉન્નતિ’એ ગુજરાતનાં નાનાં અને મધ્યમ કદનાં શહેરોમાં શહેરી શાસનમાં લોકોની ભાગીદારી વધે તે માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કર્યો છે.

નગરપાલિકાના સહભાગી અભ્યાસ અર્થે ચાર શહેરો ‘ઉન્નતિ’એ પસંદ કર્યાં અને નગરપાલિકાઓની કામગીરીને સમજવાનો પ્રયાસ કર્યો. તેમાં વિવિધ નાગરિક જૂથો તથા ચૂંટાયેલા સભ્યોમાં વિવિધ સેવાઓ તથા પ્રશ્નો અંગેનાં મંતવ્યો જણાવવામાં આવ્યાં.

આ અભ્યાસનાં તારણો એ નગરોના વિવિધ હિતધારકો વચ્ચે વહેંચવામાં આવ્યાં. અભ્યાસ બાદ નાગરિકોનાં જૂથો રચાય તે માટે પ્રયાસો કરાયા છે. ૭૪મા સુધારા વિશે જાગૃતિ વધે અને નાગરિકોની સહભાગિતા વધે તે માટે ગુજરાતી ભાષામાં સામગ્રી પ્રકાશિત કરવામાં આવી છે. ૭૪મા સુધારા વિશે એક પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે અને તે બાવન શહેરોમાં વહેંચવામાં આવી છે. ચૂંટણી ઝુંબેશ દરમ્યાન નાગરિકોને પક્ષોના ઢંઢેરામાં માગણીઓ રજૂ કરવા પ્રોત્સાહિત કરાયા. ધોળકા શહેરમાં સહી ઝુંબેશ હાથ ધરાઈ અને મોટા રાજકીય પક્ષોને તે સહીઓ મોકલવામાં આવી.

## ઉપસંહાર

ટૂંકમાં, શહેરી સ્વશાસનને મજબૂત કરવા માટે અનેક પ્રયાસો હાથ ધરાયા છે. પરંતુ વિધાયક અસર ઊભી કરવા તેમને વધુ મજબૂત કરવાની જરૂર છે. ૭૪મા સુધારાએ જે ઉત્સાહ ઊભો કર્યો છે તે પંચાયતી રાજ કરતાં ઘણો ઊણો ઉતરે છે. તેનાં કારણો જાણી શકાયાં નથી.

તેમ છતાં આ ઉપરોક્ત પ્રયાસોની કોઈ અસર નથી થઈ તેમ કહી શકાય તેમ નથી. નાગરિકોએ આવશ્યક ભૂમિકા ભજવી છે અને શહેરી શાસનના પ્રશ્નો ધ્યાનાકર્ષક બન્યા છે. ‘રિપોર્ટ કાર્ડ’ની પદ્ધતિથી જાગૃતિ આવી છે અને ગુણવત્તાવાળી સેવાઓની માંગ વધી છે. નાગરિકોના ખતપત્રમાં હજુ સહભાગિતા ઊભી કરવાની જરૂર છે. અને તેમ છતાં તે નગરપાલિકાઓનું જાહેર ઉત્તરદાયિત્વ ઊભું કરે છે.

કેટલીક નગરપાલિકાઓએ જાહેર જાગૃતિ માટે પ્રયાસો કર્યા છે. સંશોધન અને હિમાયતના પ્રયાસોની અસર દરમ્યાન બની નથી. પણ ટીઆરએફ દ્વારા જે અભ્યાસો થયા છે તેમણે ચર્ચા જગાવી છે અને ૭૪મા સુધારાની નબળાઈઓ દેખાઈ છે. એ જ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓની ક્ષમતા વધારવાના પ્રયાસો ફળદાયી બન્યા નથી અને તે વિદ્યાકીય સંસ્થાઓ પૂરતા મર્યાદિત બન્યા છે. તેઓ શિક્ષણ સામગ્રીનું સર્જન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ઉપર જે પ્રયાસોની ચર્ચા કરવામાં આવી છે તે અર્થપૂર્ણ અને મહત્ત્વના છે અને એમને વિશે માહિતીની આપ-લે થાય એ જરૂરી છે. અનેક ખામીઓ છતાં ૭૪મો બંધારણીય સુધારો એક મહત્ત્વની તક પૂરી પાડે છે. નાગરિકોની સહભાગિતા શહેરી શાસન વ્યવસ્થામાં તેનાથી વધી શકે છે.

# સંગઠન શક્તિનો મહિમા સમજાવતાં સૌરાષ્ટ્ર-કચ્છનાં મહિલા વિકાસ મંડળો

રાજકોટ ખાતે યોજાઈ ગયેલા 'સૌરાષ્ટ્ર સહિયર મેળા' દરમ્યાન ઉપલબ્ધ થયેલી માહિતી ઉપરથી અને જુદાં જુદાં સંગઠનોના કાર્યકરો સાથે થયેલી વાતચીત ઉપરથી **શ્રી સંજય દવે** (ચરખા)એ આ લેખ તૈયાર કર્યો છે.

### પ્રાસ્તાવિક

ગુજરાતમાં ગ્રામીણ વિકાસ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોથી ગ્રામજનોનું જીવનધોરણ સુધર્યું હોય એવાં અનેક દૃષ્ટાંતો મોજૂદ છે. જુદાં જુદાં ગ્રામીણ મહિલા મંડળો દ્વારા મહિલાઓના પ્રશ્ને અને ગ્રામ વિકાસ બાબતે નોંધપાત્ર કાર્યો થઈ રહ્યાં છે. દારૂનું દૂષણ હોય, પાણીનો પ્રશ્ન હોય, બચત કરીને આર્થિક આઝાદી મેળવવાની વાત હોય, જરૂરતમંદોને ધિરાણ આપવાની બાબત હોય કે પછી ગામમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા નેતૃત્વ પૂરું પાડવાનું હોય, એવાં અનેક વિકાસ કાર્યોમાં ગ્રામીણ મહિલા મંડળો મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

ગામમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથે મહિલાઓમાં જાગૃતિ અને હિંમત કેળવવાનાં ઉમદા કાર્યો મહિલા વિકાસ મંડળો દ્વારા થઈ રહ્યાં છે. સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા 'સ્વાતિ', અમરેલી જિલ્લામાં કાર્યરત 'ઉત્થાન', 'શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર', જામનગર જિલ્લાના 'ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ' તથા કચ્છના 'કચ્છ મહિલા વિકાસ સંગઠન'ના નેજા હેઠળ ચાલતાં ગ્રામીણ મહિલા મંડળોનાં દૃષ્ટાંતરૂપ કાર્યો અહીં રજૂ કરવામાં આવ્યાં છે:

### બંધ બસ સેવા બહેનોએ શરૂ કરાવી

'જુઓ, ગામની આ બહેનો બસ લેવા જાય છે. બસમાં બેસીને, બસ લઈને જ આવશે' કહેતા ગામના પુરુષો ખી... ખી... ખી... કરતાં હસી પડ્યા.

બસ લેવા જતી બહેનોના ચહેરા ઉપર ગુસ્સાની રેખાઓ ઉપસી આવી. ગામના ઓટલા ઉપર બેસી ગામની પંચાત કરતા પુરુષોને જવાબ આપવાને બદલે બહેનો તો આગળ ચાલી. વીસ-વીસ વરસથી ગામમાં બસ નહોતી આવતી. બહેનો મક્કમ રજૂઆત કરી બસ ચાલુ કરાવવાના પાકા ઈરાદા સાથે નીકળી હતી. વાત છે સડલા ગામની. સુરેન્દ્રનગર જિલ્લાનું આ ગામ પાટડીથી માત્ર ૩ કિલોમિટરના અંતરે આવેલું છે. વીસ વરસથી બસ નહોતી આવતી તેથી ગામનાં નાનાં છોકરાંઓએ તો બસ જોઈ જ નહોતી. ખરીદ-વેચાણ કરવા ગામ બહાર જવું હોય, માંદગી કે બહેનોની પ્રસૂતિ વખતે શહેરમાં જવાનું થાય તો ખૂબ જ તકલીફ પડતી. ચોમાસામાં તો ગામની ચારે બાજુ પાણી ભરાઈ જતું તેથી ગામ ટાપુ બની જતું અને આખી દુનિયાથી છૂટું પડી જતું.

'સ્ત્રી વિકાસ અને તાલીમ સંસ્થા-સ્વાતિ'એ આ સડલા ગામમાં પોતાનું કામ શરૂ કર્યું. શરૂઆતમાં તો ખાસ સારો પ્રતિભાવ ન મળ્યો, પણ 'સ્વાતિ'ના કાર્યકરોએ વારંવાર મુલાકાતો અને ચર્ચા કરી ગામની બહેનોને સંગઠિત થવા સમજાવી. ગામનો સૌથી મોટો પ્રશ્ન બસની સગવડના અભાવનો હતો. બહેનો બસ ચાલુ કરાવવા કટિબદ્ધ થઈ. ગામના પુરુષોએ તેમને સાથ આપવાને બદલે તેમની મશ્કરી કરી.

બહેનોએ પાટડી તાલુકામાં અને વિરમગામ તથા અમદાવાદ એસ.ટી. બસ ડેપોમાં આ અંગે વારંવાર રજૂઆતો કરી. આપણા સરકારી રેઢિયાળ તંત્રમાં એમ તરત ને તરત થોડી બસ ચાલુ થાય? બહેનો રજૂઆત કરીને સાંજે ચાલતાં ગામમાં આવતી ત્યારે પુરુષો "બસ આવી.. બસ આવી" એવા શબ્દોથી તેમને ખીજવતા. આ સાંભળી ઘણી બહેનો ગુસ્સે થતી તો કેટલીક નિરુત્સાહી પણ થઈ જતી.

છેવટે એક દિવસ બસ આવી. આખા ગામમાં ખુશીની લહેર દોડી ગઈ. સમગ્ર ગામનાં નાનાં-મોટાં સૌ બસ જોવા આવ્યા. જો કે રસ્તો ખરાબ હોવાથી બસ બીજા દિવસથી બંધ થઈ ગઈ. ગામની બહેનોએ ભેગા મળી સરપંચને રસ્તો સરખો કરાવવા કહ્યું. સરપંચે તો કહી દીધું કે પંચાયત પાસે પૈસા જ નથી ને!

નિરાશ થયા વિના બધી બહેનોએ ભેગાં મળી જાતે રસ્તો સરખો કરવાનો નિર્ણય કર્યો. બીજા જ દિવસથી બધાં બહેનો એકબીજાને બૂમો પાડતાં, ટિફિન લઈને રસ્તો સરખો કરવા સવારે આઠ વાગ્યે નીકળી ગયાં. બધા બાવળિયા કાપ્યા, ખાડા પૂર્યા, ટેકરા હતા તેની માટી ખોદી. બહેનોએ એક મહિના સુધી શ્રમદાન કર્યું. પરિણામે રસ્તો સારો થઈ ગયો. પછી બહેનો વિરમગામના એસ.ટી. ડેપોના મેનેજરને મળ્યાં. જવાબ મળ્યો કે, "આવતી કાલથી બસ સેવા શરૂ થઈ જશે."

આ વાતની ખબર પડતાં આખા ગામમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાઈ ગયું. બીજા દિવસે 'સ્ત્રી વિકાસ મંડળ'ની બહેનો બસને લેવા વિરમગામ ગઈ. તોરણો બાંધીને બસને ગામમાં લાવવામાં આવી. આખું ગામ ભેગું થયું. ગોળ ધાણા વહેંચી, અબીલ-ગુલાલ છાંટી બસ લાવ્યાની ખુશી મનાવવામાં આવી. ડ્રાઈવર-કંડક્ટર પણ રાજી થયા અને બોલ્યા કે જે કામ પુરુષો ન કરી શક્યા તે ગામની બહેનોએ કરી દેખાડ્યું. આ સાંભળી ગામના દલીબહેન બોલ્યા કે, "હવે અમને પણ મૂછો ઊગશે."

પછી સવાર-સાંજ રોજ બસ આવતી થઈ ગઈ. જ્યારે જ્યારે બસ મોડી આવતી ત્યારે ગામની બહેનોને ભીતિ રહેતી કે ક્યાંક બસ બંધ ન થઈ જાય. એક વખત બસ બહુ મોડી આવી. બહેનોએ તેનું કારણ પૂછ્યું તો ડ્રાઈવરે કહ્યું કે, રસ્તો ભૂલી જવાય એવો છે. અમે ભૂલા પડ્યા તેથી મોડું થયું. બીજા દિવસે બહેનો ઉપડ્યાં. સડલાથી પોરડી સુધીની રસ્તાની નિશાનીઓ કરી. અત્યારે રોજ આ ગામમાં બસ આવે છે. જો કે, ચોમાસમાં બસ બંધ રહે છે.

'સ્વાતિ' સંસ્થા દ્વારા અહીં બીજાં ગામોની જેમ મંડળમાં બચત અને ધિરાણ પણ થતાં. બચતથી બહેનોની આર્થિક શક્તિ ઊભી થતી, એટલું જ નહીં બહેનો પૈસાનો વહીવટ, લેવડ-દેવડ કરતી થઈ. આ બધી પ્રવૃત્તિઓ સરસ ચાલતી હતી ત્યાં એક વિઘ્ન આવ્યું. ગામના ઘણા લોકોને મંડળની આવી બધી પ્રવૃત્તિઓ ગમતી નહોતી. થોડી બહેનોએ મંડળ બંધ કરાવવા મંડળમાં ઝઘડા કરાવી મંડળના ભાગલા પડાવ્યા. જો કે, મંડળમાં જોડાઈ રહેવાની ઈચ્છા રાખતી બહેનોની સંખ્યા વધુ હતી. થોડી બહેનો નીકળી ગઈ તો પણ મંડળ તો ચાલુ જ રહ્યું. અત્યારે તો મંડળમાં બહેનોની સંખ્યા પહેલાં કરતાં વધુ છે અને બહેનો સાથે મળીને ગ્રામ વિકાસનાં કાર્યો કરી રહ્યાં છે.

**શાંતુબહેને રોજગારી બચાવી**

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કથીવદર ગામનાં શાંતુબહેન મીઠું પકવવાનું કામ કરે છે. પોતાની બે વીઘા જમીનમાં મીઠું પકવીને તેઓ બે ટંકનો રોટલો રળવા સદ્ભાગી બને છે. 'સબરસ' ગણાતું મીઠું તેમનું રોજી-રોટી કમાવાનું એકમાત્ર સાધન છે. રોજી-રોટી રળી આપતા એ મીઠાના અગર ઉપર એક દિવસ તેઓ કામ કરી રહ્યાં હતાં ત્યાં અચાનક ભરતી આવી. તેથી મહામહેનતે ઊભા કરેલા અગરના પાળા એક જ લપડાકમાં તૂટી ગયા. શાંતુબહેને દિવસ-રાત એક કરીને કરેલી મહેનત ઉપર ખારું દવ જેવું પાણી ફરી વળ્યું. આર્થિક નુકસાન ખૂબ જ થયું હતું. નુકસાનને પહોંચી વળવા અને ફરી વાર પગભર થવા માટે નાનકડી રકમ મેળવવી જરૂરી હતી. પરંતુ ગરીબ માણસનું બેલી કોણ થાય? કંઈ કેટલીયે જગ્યાએ તપાસ કરી, ધા નાખી, પણ શાંતુબહેનને ક્યાંયથી પાઈનીયે મદદ ન મળી. હારેલા - થાકેલા શાંતુબહેને છેવટે ગામના મહિલા બચત મંડળના સભ્યોને વાત કરી. છીનવાઈ ગયેલી રોજી પાછી મળી શકે તે માટે મદદ કરવા રજૂઆત કરી.

સ્વૈચ્છિક સંસ્થા 'ઉત્થાન'ના નેજા હેઠળ ચાલતા ગામના એ બચત મંડળની તાત્કાલિક મીટિંગ યોજાઈ. મંડળની સભ્ય મહિલાઓએ મંડળના બચત ભંડોળમાંથી ૧૫૦૦ રૂપિયા શાંતુબહેનને આપવાનું નક્કી કર્યું. ૧૫૦૦ રૂપિયા મેળવીને શાંતુબહેન પોતાનો અગર સરખો કરી શક્યા. મંડળની નાણાકીય મદદ મેળવીને પોતાની રોજી તેઓ બચાવી શક્યાં.

**કમળાબહેનનાં બાળકો શિક્ષણ પામી શક્યાં**

અમરેલી જિલ્લાનાં ગામોમાં ચાલતાં મહિલા મંડળો ગ્રામીણ મહિલાઓની વહારે દોડી આવીને તેમને સધિયારો આપે છે. કથીવદર ગામના શાંતુબહેનની જેમ અનેક ગ્રામીણ મહિલાઓને મુશ્કેલીમાં મારગ બતાવીને આ મંડળોએ મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. તે અંગે ખાંભા તાલુકાના પચપચિયા ગામની વાત પણ જાણવા જેવી છે. સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા 'શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર'ના નેજા હેઠળ ચાલતા મહિલા બચત મંડળમાં બચત-ધિરાણની પ્રવૃત્તિએ વેગ પકડ્યો હતો. બચત અને ધિરાણની સાથે સાથે હવે ગામના વિકાસ માટે પણ મહિલાઓએ કમર કસી. એક વાર પીવાનું પાણી, આરોગ્ય અને શિક્ષણ અંગેના પ્રશ્નોની ચર્ચા કરવા મહિલાઓની મીટિંગ યોજાઈ. મીટિંગમાં ગામના એ મહત્ત્વના પ્રશ્નોના ઉકેલ માટે આયોજન થયું. તેની સાથે સાથે ગામની મહિલાઓની વ્યક્તિગત મુશ્કેલીઓ અંગે પણ વાત શરૂ થઈ. ચર્ચા દરમ્યાન વ્યક્તિગત મુશ્કેલીઓ નિવારવા મંડળની બચતમાંથી જરૂરિયાતવાળી મહિલાઓને ધિરાણ આપવાની વાત પણ ચર્ચાઈ.

ગામનાં કમળાબહેનના પતિને અકસ્માત થયો હતો. તેથી તેમના માટે રોજગારી મેળવવા જવું મુશ્કેલ હતું. અધૂરામાં પૂરું પોતાનાં બાળકોને શાળાએ મૂકવા માટે પણ કમળાબહેન પાસે પૂરતા પૈસા ન હતા. મીટિંગમાં ચર્ચા દરમ્યાન કમળાબહેનની આ સમસ્યા વિશે વાત થઈ. કમળાબહેનનાં બાળકો પાસે શાળાનો યુનિફૉર્મ ન હોવાથી તેમને શાળામાં પ્રવેશ મળતો ન હતો. તેથી કમળાબહેને મંડળ પાસે થોડી રકમનું ધિરાણ માંગ્યું. પરંતુ મંડળ પાસે મોટું ભંડોળ ન હતું. તેથી મંડળના સભ્યો મૂંઝાયા. છેવટે મંડળના બચત ભંડોળની વ્યાજની રકમમાંથી બાળકોને યુનિફૉર્મ લાવી આપવામાં આવ્યા. આમ, મહિલા મંડળની નાનકડી સખાવતથી કમળાબહેનનાં બાળકો શાળાએ જઈ શક્યાં, શિક્ષણ પામી શક્યાં.

## મહિલાઓ જાગી ને રેશન કાર્ડ લાવી

જામનગર જિલ્લાના ઓખામંડળ તાલુકાના મકનપુર ગામમાં એકેય કુટુંબ પાસે રેશન કાર્ડ ન હતું. રેશન કાર્ડ ન હોવાથી જીવનજરૂરી ચીજ-વસ્તુઓ બજારમાંથી મોંઘા ભાવે લાવવી પડતી. ગામની મહિલાઓ 'ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ'ના નેજા હેઠળ શરૂ થયેલા મહિલા મંડળમાં જોડાઈ. મંડળમાં જોડાયા પછી અન્ય ગામોની મહિલાઓ સાથેની વાતચીત ઉપરથી મકનપુર ગામની મહિલાઓને રેશન કાર્ડનું મહત્ત્વ સમજાયું. ગામની ૧૫ મહિલાઓ સાથે મળીને રેશન કાર્ડ મેળવવા માટે મામલતદાર ઑફિસે પહોંચી. ગ્રામીણ મહિલાઓને એકસાથે આવેલી જોઈને મામલતદાર રાજી થયા. બહેનો જાગૃત થઈને પહેલી વાર જાતે ઘરની બહાર નીકળીને દ્વારકા સુધી રેશન કાર્ડ લેવા આવી છે એ જાણીને તેમને આશ્ચર્ય થયું. મામલતદારે બહેનોને પૂછ્યું કે, "આજ દિન સુધી તમને ક્યારેય રેશન કાર્ડ બનાવવાની જરૂર ન લાગી?" બહેનોએ કહ્યું કે, "અમે અત્યાર સુધી ઊંઘતા હતા અને હવે જાગી ગયા છીએ." મામલતદારે બહેનોને પૂછ્યું કે, "તમે તો બહાર નીકળતા ન હતા, પરંતુ તમારા પતિને પણ રેશન કાર્ડ જરૂરી લાગ્યું નહીં?" તેની સામે બહેનોએ પ્રત્યુત્તર આપ્યો કે, "હજુ એ બધા સૂતા છે, એ જાગૃત થશે ત્યારે વિચારશે." આમ, બહેનોએ આગેવાની લઈને પોતાનાં કુટુંબો માટે રેશન કાર્ડ મેળવ્યું.

## દારૂના દૂષણ સામે મહિલાઓનો જંગ

કચ્છ જિલ્લામાં કાર્યરત 'કચ્છ મહિલા વિકાસ સંગઠન'ના મુન્દ્રા સંગઠનની બહેનોએ દારૂના દૂષણને નાથવા નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. મુન્દ્રા તાલુકા સંગઠન દ્વારા ગ્રામ વિકાસનાં પ્રશંસનીય કામો થઈ રહ્યાં છે. સંગઠનની બહેનોએ કામના સંદર્ભે 'કાનૂની તાલીમ' લીધી છે. તે બહેનો દ્વારા ચાલતા 'લિગલ સેલ' (કાનૂની માર્ગદર્શન કેન્દ્ર)માં બહેનો ઉપર અત્યાચાર થયો હોય એવા ૪૦ કેસો નોંધાયા હતા. તે કેસોમાંથી મોટા ભાગના કેસોમાં મૂળ કારણ દારૂનું વ્યસન હોવાનું માલૂમ પડ્યું. વળી, એ વાતને સમર્થન આપતો બનાવ ભદ્રેશ્વર ગામમાં બન્યો. ૧૯૯૯ના મે મહિનામાં બે મહિલાઓના બળી મરવાના કિસ્સામાં તેમના પતિનું દારૂનું વ્યસન જવાબદાર હોવાનું જણાયું.

દારૂના દૂષણ અને તેને પ્રતાપે થતા અત્યાચારથી ત્રાસેલી ગ્રામીણ મહિલાઓએ એ દૂષણ સામે લડી લેવા વિચાર્યું. પરંતુ તેમાં કુટુંબના સભ્યો સામે જ સીધા સંઘર્ષમાં ઉતરવું પડે. તેથી મહિલાઓ ડરતી હતી. દારૂ અને અત્યાચારના દૂષણને નાથવા અંગે મહિલાઓ કંઈક વિચારતી હતી તે દરમ્યાન ઑગસ્ટ માસમાં લફરા ગામમાં હરિજન મહિલા પર બળાત્કાર થયો. પોલીસ ફરિયાદમાં દારૂનો ગુનો નોંધાયો, ધરપકડ થઈ અને આરોપી છૂટી પણ ગયો. પરિણામે દારૂના દૂષણ સામે જંગે ચડવાનું સંગઠનની ગ્રામીણ મહિલાઓએ નક્કી કર્યું. દારૂ વિરોધી દેખાવ માટે રેલી કાઢવામાં આવી. રેલીમાં ૫૦૦ સ્થાનિક ગ્રામીણ મહિલાઓએ ભાગ લીધો હતો.

રેલી દરમ્યાન મહિલાઓએ મુન્દ્રા તાલુકામાં દારૂના દૂષણ માટે પોલિસ ખાતાને જવાબદાર ઠેરવ્યું. તેથી પોલિસ તંત્રે આ દૂષણને ડામવા સંગઠન સાથે સંકલન કરવાની ખાતરી આપી. ખાતરીના અમલ રૂપે એ જ દિવસે સંગઠનની મહિલાઓને સાથે લઈને પોલિસે દારૂની ભઠ્ઠી ઉપર દરોડા પાડ્યા. પરંતુ રેલીના પરિણામ રૂપે ગામોમાં અગાઉથી માહિતી પહોંચી જવાથી દરોડામાં દારૂનો સામાન મળ્યો નહીં. રેલી અને દરોડાની અસરથી દારૂ પીને ખુલ્લેઆમ ફરતા લોકો છુપાઈને દારૂ પીવા લાગ્યા. જો કે, રેલીની સફળ અસર રૂપે સ્થાનિક ગ્રામીણ વિસ્તારોમાં દારૂનું પ્રમાણ થોડે ઘણે અંશે ઘટ્યું છે.

ઉપરોક્ત મંડળો જેવાં અનેક મંડળો ગુજરાતનાં ગ્રામીણ મહિલાઓનું જીવનધોરણ સુધારવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી રહ્યાં છે. તા. ૪થી ૬ ડિસેમ્બર, ૧૯૯૯ દરમ્યાન રાજકોટના રતનપર ગામે યોજાઈ ગયેલા 'સૌરાષ્ટ્ર સહિયર મેળા'માં આવાં ૧૪૦ મંડળોની બહેનોએ ભાગ લીધો હતો. મહિલાઓને સંગઠન બળનો અહેસાસ કરાવવા અને એકબીજાના અનુભવોની આપ-લે કરવાના હેતુ સાથે યોજાયેલા આ 'સહિયર મેળા'માં કચ્છ અને સૌરાષ્ટ્રના છ જિલ્લાની ગ્રામીણ મહિલાઓએ પોતાનાં પ્રશ્નો અને સિદ્ધિઓની રજૂઆત કરી હતી. સૌરાષ્ટ્ર અને કચ્છની ૧૬ સ્વૈચ્છિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાઈ ગયેલો આ મેળો શાંતુબહેન અને કમળાબહેન જેવી અનેક મહિલાઓના હૈયામાં હામ ભરે તેવો રહ્યો. જુદાં જુદાં ૨૦૦ મહિલા મંડળોની ૬૦૦ ગ્રામીણ મહિલાઓએ મંડળની પ્રવૃત્તિઓ દ્વારા થયેલા વિકાસની અસરકારક રજૂઆત કરી.

સૌરાષ્ટ્ર - કચ્છની ગ્રામીણ મહિલાઓએ રજૂ કરેલી પ્રેરણા ગાથાઓ મુજબ સૌરાષ્ટ્ર - કચ્છનાં ગામોમાં પાણી, બચત, આરોગ્ય, શિક્ષણ, પ્રાથમિક સુવિધા, ન્યાય, રોજગારી અને આભડછેટ જેવા મુદ્દા અંગે ૨૦૦ મહિલા મંડળો દ્વારા અસરકારક કામગીરી થઈ છે અને જવલંત સફળતા પણ મળી છે. તેમાંથી મહિલાઓની શક્તિ અને સંગઠનનો મહિમા સમજાય છે. સંપર્ક સરનામાંઃ 'સ્વાતિ', પહેલી લાઈન, ભાર્ગવી સોસાયટી, ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર, પિનઃ ૩૬૩૩૧૦; 'ઉત્થાન', ૩૬, ચિત્રકુટ ટ્વિન્સ, મેનેજમેન્ટ એન્કલેવ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ; 'શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર' ૯૫, જલારામનગર-૨, હનુમાનપરા પાછળ, અમરેલી-૩૬૫૬૦૧. 'ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ' વિરમભા આશાભા હોસ્ટેલ, એસ. ટી. બસ સ્ટેન્ડ સામે, દ્વારકા, તા. ઓખામંડળ, જિ. જામનગર; 'કચ્છ મહિલા વિકાસ સંગઠન', ૧૧, નૂતન કોલોની, ભુજ-૩૭૦૦૦૧.

# સાંપ્રત પ્રવાહ

**માનવ અધિકાર શિક્ષણ કેન્દ્રની સ્થાપના**

'એમનેસ્ટી ઇન્ટરનેશનલ'ના ઉપક્રમે સપ્ટેમ્બરના અંતિમ દિવસોમાં પુણે ખાતે ગુજરાત, મહારાષ્ટ્ર તેમ જ ગોવામાં કાર્યરત માનવ અધિકાર કાર્યકરોની કાર્યશાળા યોજાઈ હતી. પ્રસ્તુત કાર્યશાળામાં માનવ અધિકાર ક્ષેત્રે સક્રિય એવા પાયાના કાર્યકરો કે માનવ અધિકારના સંરક્ષકો સામે જે ભય ઊભો થાય છે, જે પડકારો આવે છે તથા રાજ્ય દ્વારા અથવા રાજ્યેતર પરિબળો દ્વારા જે અપપ્રચાર કરાય છે, પ્રહારો થાય છે તે અંગે વિગતે ચર્ચા-વિચારણા થઈ હતી. વિશેષ કરીને માનવ અધિકારોના રક્ષણ અર્થે ઝઝૂમતા કાર્યકરોની સતામણી, ખોટા કેસ, ખોટા પ્રચાર તથા ખોટી ધરપકડના સંદર્ભે રક્ષણાત્મક કાર્યવાહી માટે શી રીતે કટિબદ્ધ થવું તે અંગે વિશદ વિચારણા પછી સહિયારી પ્રવૃત્તિની રૂપરેખા આંકવામાં આવી હતી. ગુજરાતમાં આવી ઘટનાઓ પ્રસંગે કોઈ 'માહિતી કેન્દ્ર' હોવું જોઈએ એમ વિચારીને 'સેતુ'એ સ્વૈચ્છિક રીતે આવા 'માહિતી કેન્દ્ર' તરીકે સેવાઓ આપવાનું સ્વીકાર્યું છે. વિશેષમાં માનવ અધિકારો અંગે આંતરરાષ્ટ્રીય માપદંડો, આંતરરાષ્ટ્રીય ગતિવિધિ તેમ જ માનવ અધિકાર શિક્ષણ સંદર્ભે ઉપલબ્ધ પ્રકાશનોને સમજાવતું 'સ્રોત કેન્દ્ર' કે 'રિસોર્સ સેન્ટર' હોવું ઘટે એમ વિચારી 'સેતુ'એ ગુજરાત ખાતે માનવ અધિકાર શિક્ષણ અંગેનું 'સ્રોત કેન્દ્ર' વિકસાવવાનું પણ સ્વીકાર્યું છે. અત્યારે જે સામગ્રી-દસ્તાવેજો 'સેતુ' કેન્દ્રમાં ઉપલબ્ધ છે તેની યાદી આપને 'સેતુ' કેન્દ્રમાંથી મળી શકશે.

'એમનેસ્ટી ઇન્ટરનેશનલ' માનવ અધિકાર માટે વિશ્વવ્યાપી ચળવળ છે. તે કોઈ સત્તામંડળને નહીં પરંતુ પોતાનાં સભ્યોને ઉત્તરદાયી છે. માનવ અધિકારના ભંગથી અસરગ્રસ્ત પીડિતો માટેની એમનેસ્ટી ઇન્ટરનેશનલની અપીલ કાળજીપૂર્વકનાં સંશોધનો પર આધારિત હોય છે તથા આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા સ્વીકૃત ધારાધોરણ મુજબ ઠોસ હોય છે. આ ચળવળ સરકાર, રાજકીય વિચારધારા, આર્થિક હિત કે ધર્મથી સ્વતંત્ર છે. સંસ્થા વિશ્વના તમામ દેશોમાં તે દેશની સરકાર અથવા તેની સાથે સંકળાયેલા વિપક્ષ જૂથની રાજનીતિને ધ્યાનમાં લીધા વગર, માનવ અધિકારનો ભંગ અટકાવવાનું કાર્ય કરે છે.

સેતુ માનવ અધિકાર શિક્ષણ કેન્દ્ર તથા 'એમનેસ્ટી ઇન્ટરનેશનલ'ના માનવ અધિકાર સંરક્ષકો અંગેના કાર્યક્રમો વિશે વધુ માહિતી નીચેના સંપર્ક સ્થળેથી મળી શકશેઃ સેતુ માનવ અધિકાર શિક્ષણ કેન્દ્ર, સેતુ, ૧, પુણ્યશ્લોક, લિબર્ટી બસ સ્ટોપ પાસે, યુનિવર્સિટી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ફોન/ફેક્સ (૦૭૯) ૬૫૬૦૭૫૧.

**સૌરાષ્ટ્ર-કચ્છની ગ્રામીણ મહિલાઓનો સૌરાષ્ટ્ર સહિયર મેળો**

સૌરાષ્ટ્ર અને કચ્છનાં ગામોની મહિલાઓ વચ્ચે અનુભવોની આપ-લે થાય, બહેનોને સંગઠનબળનો અહેસાસ થાય, બહેનો વચ્ચે મુદ્દા આધારિત નેટવર્કિંગની શરૂઆત થાય તેવા હેતુઓ સાથે રાજકોટ-મોરબી હાઈવે ઉપર રામજી મંદિર, રતનપર ખાતે ૪-૬ ડિસેમ્બર, ૧૯૯૯ દરમ્યાન 'સૌરાષ્ટ્ર સહિયર મેળો' યોજાઈ ગયો. સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાર્યરત ૧૬ સ્વૈચ્છિક સંસ્થાઓનાં ૨૧૧ મહિલા મંડળોની ૬૦૦ મહિલાઓએ મેળામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌરાષ્ટ્ર-કચ્છની ૧૭ સ્વૈચ્છિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાઈ ગયેલા આ મેળાનું ઉદ્દઘાટન આયોજક સંસ્થાઓના પ્રતિનિધિઓના હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું. મહિલા ઉત્થાન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ભાવનગરના ડૉ. દમયંતીબહેન મોદીએ મેળાના અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહીને મહિલાઓને સંબોધન કર્યું હતું. મેળાની શરૂઆતમાં દરેક મહિલા મંડળે પોતાના વિસ્તારના પ્રશ્નોને એક મોટા કાગળ ઉપર સ્ટીકર લગાવીને દર્શાવ્યા હતા. તેમાં ૬૧ ગામોમાં આરોગ્યની અપૂરતી સુવિધાઓ, ૬૦ ગામોમાં પાણીનો પ્રશ્ન, ૩૦ ટકા ગામોમાં પ્રાથમિક અસુવિધા, દારૂનું દૂષણ વગેરે પ્રશ્નો મુખ્ય હતા. ગ્રામીણ મહિલાઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોના ઉકેલની દિશા વિશે ચર્ચા થયા પછી સામૂહિક વિકાસના પ્રયાસો અંગે જૂથચર્ચા યોજાઈ હતી. તેમાં મહિલાઓએ ઘરથી મંડળ સુધી



પહોંચવા માટે કરેલા સંઘર્ષ અને પોતાનામાં રહેલી બીકની વાત કરી હતી. બહેનોમાં રહેલી દરેક પ્રકારની બીક છોડવાના પ્રતીકરૂપે ફુગ્ગા છોડવામાં આવ્યા હતા. 'બીકને ઉડાવીશું, હિંમત લાવીશું, એ... એ... એ... ગઈ'ના નારા સાથે મહિલાઓએ વાતાવરણ ઉમંગભર્યું બનાવ્યું હતું. તે વખતે બહેનોમાં નવી ચેતના આવી ગઈ હોય એવું દૃશ્ય ખડું થયું હતું. રંગબેરંગી ફુગ્ગાઓથી આકાશ છવાઈ ગયું હતું.

મેળામાં ગોઠવાયેલા જુદા જુદા સ્ટોલ ઉપર આરોગ્ય, શિક્ષણ, ગૃહ ઉદ્યોગ, નશાબંધી, ભૂગર્ભ જળ સંચય કરવા માટે પાણીના ટાંકા અને દેશી ખાતર જેવા વિષયો અંગે ચિત્રો અને પત્રિકાઓ દ્વારા રસપ્રદ માહિતી પૂરી પાડવામાં આવી હતી. મેળા દરમ્યાન રોજ રાત્રે દીકરીને ભણાવવાનો સંદેશો આપતા અને દીકરા-દીકરીના ભેદ ન રાખવા સમજાવતાં નાટકો, ગરબા અને ગીતોનો કાર્યક્રમ બહેનો દ્વારા જ રજૂ થતો હતો.

મેળાના સમાપન કાર્યક્રમમાં ગાંધીયુગના ૯૦ વર્ષના પીઢ કાર્યકર શ્રી ઉષાબહેન મહેતાએ ખાસ ઉપસ્થિત રહીને સહિયર મેળાના એ સહિયારા પ્રયાસને બિરદાવ્યો હતો. તેમણે ભારતને સમૃદ્ધ બનાવવા મહિલાઓને નેતૃત્વ લેવા આહ્‌વાન કર્યું હતું. મેળામાં આવેલી સહિયરોએ પોતાનાં સ્વપ્નોને એક વૃક્ષનાં પાંદડાંમાં વ્યક્ત કરીને સ્વપ્નોનું વૃક્ષ બનાવ્યું હતું. સૌરાષ્ટ્ર સહિયર મેળાની ભાવનાના પ્રતીક રૂપે દરેક મહિલાને એક-એક વૃક્ષનો રોપ અર્પણ કરવામાં આવ્યો હતો. સંપર્કઃ 'આનંદી' ડી-૩, અજંટા પાર્ક ફ્લેટ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.

**પંચાયત સંદર્ભ કેન્દ્રઃ પંચાયતના સશક્તિકરણની દિશામાં એક નવતર પગલું**

૭૩મા બંધારણીય સુધારા દ્વારા સરકારે પાયાના સ્તરે ગ્રામ પંચાયતને શાસન અને વિકાસનો અધિકાર તથા જવાબદારી આપવાનો પ્રયાસ કર્યો છે. ગ્રામીણ સ્તરે સહભાગી પ્રક્રિયા દ્વારા લોકોની જરૂરિયાતને આધારે વિકાસના કાર્યક્રમો ઘડાય અને લોકો પોતાની વ્યવસ્થા પોતાના સ્તરે કરે એવો ઉમદા વિચાર ૭૩મા બંધારણીય સુધારામાં વ્યક્ત થયો છે. આ કાયદા અનુસાર હવે પંચાયતમાં ત્રીજા ભાગની મહિલાઓ ચૂંટાઈને આવશે, સાથે સાથે પહેલી વાર ચૂંટાઈને આવનાર સભ્યોની સંખ્યા પણ વિશેષ હોય છે. ત્યારે આવા સભ્યોને બંધારણીય સુધારા, પંચાયત ધારો, પંચાયત વહીવટ, સરકારી યોજના વગેરે માટે જરૂરી માહિતી પૂરી પાડવા તથા સભ્યોની કાર્યક્ષમતા વધારવા ઉપરાંત પદાધિકારીઓને લોકો પ્રતિ ઉત્તરદાયી બનાવવા તથા દલિત, આદિવાસી અને મહિલા સભ્યને વિશેષ રીતે સક્ષમ બનાવવા એ



એક પ્રાથમિક જરૂરિયાત બની જાય છે. તેને લક્ષમાં લઈ પંચાયત સંદર્ભ કેન્દ્રનો વિચાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર અને અમદાવાદ જિલ્લા પંચાયત સાથે લાંબા સમયના વિચાર વિમર્શ પછી 'ઉન્નતિ' અને જિલ્લા પંચાયત, અમદાવાદના સંયુક્ત પ્રયાસ રૂપે ૩૧ ડિસેમ્બર, ૧૯૯૯થી સમગ્ર ભારતમાં સૌ પ્રથમ એવું 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' કાર્યાન્વિત થયું છે.

આ કેન્દ્રમાં તમામ સરકારી યોજનાઓને લગતા ફોર્મ અરજીના નમૂના પૂરાં પાડવાં તથા પંચાયત ધારાને લગતા કાયદા-કાનૂનો અંગે સરળ ભાષામાં જાણકારી આપવામાં આવશે. પંચાયતના ચૂંટાયેલા સભ્યો તથા ગ્રામ સભાના સભ્યો પોતાના વિકાસને લગતી જાણકારી કેન્દ્રમાંથી મેળવી શકશે. કેન્દ્ર દ્વારા અખબારોમાં પ્રકાશિત થયેલ પંચાયતી રાજ વ્યવસ્થાને લગતા પ્રશ્નો તથા સમાચારોના સંગ્રહ કરીને તે સંદર્ભ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગુજરાત સરકારની 'પંચાયત વેબસાઈટ' સાથે માહિતીની આપ-લે કરવાનું અને તાલુકા-જિલ્લા સ્તરને કોમ્પ્યુટર નેટવર્કથી જોડવાનું કાર્ય પણ કેન્દ્ર દ્વારા થઈ રહ્યું છે. પંચાયતના ચૂંટાયેલા સભ્યોની શીખવાની જરૂરિયાતો જાણીને તેમને જે તે વિષય અંગેની તાલીમ આપવાનું કામ પણ કેન્દ્ર દ્વારા થશે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનાં નમૂનારૂપ કામો અને કાર્યશૈલીનું દસ્તાવેજીકરણ કરવાનું અને પંચાયત તથા વિકાસ ક્ષેત્રે ઉપયોગી શૈક્ષણિક સામગ્રી વસાવવાનું કાર્ય કેન્દ્ર દ્વારા થશે. બંધારણના માળખાને અનુસરીને સલાહ-માર્ગદર્શન આપવાની ફરજ કેન્દ્ર બજાવશે. કેન્દ્ર દ્વારા દર માસે એક પ્રકાશન બહાર પાડવામાં આવશે. પંચાયતના પ્રતિનિધિઓના પ્રશ્નો સરકારી યોજનાઓ, નમૂનારૂપ થયેલ કામગીરી સાથે સાથે કેન્દ્ર પાસે આવતી માહિતીનું યોગ્ય સ્વરૂપમાં વિશ્લેષણ અને પ્રકાશન કરવામાં આવશે.

'ઉન્નતિ' દ્વારા સંચાલિત આ કેન્દ્રમાં અમદાવાદ જિલ્લા પંચાયત સાથે મળીને એક સલાહકર સમિતિ રચીને તેના સભ્યોના અનુભવોનો

લાભ કેન્દ્રની અસરકારકતા વધારવા માટે કરવામાં આવશે. કેન્દ્રના કાર્યક્ષેત્રમાં અમદાવાદ જિલ્લાના સમગ્ર તાલુકાઓનો સમાવેશ થયેલ છે. પરંતુ હાલમાં આ કેન્દ્ર અમદાવાદ જિલ્લાના સિટી અને દસક્રોઈ તાલુકાને લક્ષમાં રાખીને શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રના અનુભવના આધારે વિવિધ જિલ્લા તથા તાલુકા મથકે આવાં કેન્દ્રો શરૂ કરવા માટે 'ઉન્નતિ' સંસ્થા પ્રતિબદ્ધ છે. સંપર્ક સરનામુંઃ 'પંચાયત સંદર્ભ કેન્દ્ર', અમદાવાદ જિલ્લા પંચાયત ભવન, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧, ફોનઃ ૫૫૦૬૫૨૦, એક્સ્ટેન્શન નં. ૨૪૯.

**નાગરિકતા-સહભાગિતા અને લોકશાહી**

પંચાયતી રાજ વ્યવસ્થાને મજબૂત કરવાના હેતુથી ભોપાલ ખાતે ત્રણ દિવસનું એક સંમેલન ૧૯-૨૧ નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન યોજાઈ ગયું. તેમાં દેશભરમાંથી ૪૦૦ સંસ્થાના ૧૪૦૦ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો. ૨૧ જેટલી સ્વયંસેવી સંસ્થાઓના ૩૨ પ્રતિનિધિઓ તથા પંચાયત સાથે સંકળાયેલા ૧૬ પ્રતિનિધિઓએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગુજરાત તથા રાજસ્થાન માટે 'ઉન્નતિ' સંસ્થાએ સંકલનની જવાબદારી સંભાળી હતી.

નવી સદીના આગમન ટાણે ૭૩મા બંધારણીય સુધારા અન્વયે પંચાયત સ્તરે આપવામાં આવેલી સત્તાઓ અને પરિણામોને મૂલવવાનો સમય આવ્યો છે ત્યારે આ સંમેલન ખૂબ જ ઉપયોગી અને મહત્ત્વનું સાબિત થયું. સંમેલનનો મુખ્ય વિષય હતોઃ 'નાગરિકતા, સહભાગિતા અને લોકશાહી - નવી સદીના પડકારો'. સંમેલનમાં પાંચ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતીઃ **૧.** નાગરિકતા, **૨.** સશક્તિકરણ, **૩.** નવું નેતૃત્વ, **૪.** ઉત્તરદાયી સ્વશાસન, **૫.** સહભાગી સામાજિક વિકાસ.

બાર જેટલાં જૂથો અને પેટા જૂથોમાં કરવામાં આવેલી ચર્ચાનો સારાંશ નીચે મુજબ રહ્યોઃ નાગરિકતાની અનુભૂતિ એ આપણે કોઈ




દેશ કે પ્રદેશમાં જન્મ લીધો તેથી નથી મળતી પણ એ વ્યક્તિ કે સમુદાયને લાગે કે વિકાસની પ્રક્રિયામાં પોતાની સામેલગીરી છે તથા તેના યોગદાનની કદર કરવામાં આવે છે. આ અનુભૂતિ કરાવવા માટે સશક્તિકરણની પ્રક્રિયા ઉપર ભાર મૂકવો પડશે. સશક્તિકરણ માટે જરૂર છે માહિતી, જાણકારીનો અધિકાર અને સંસાધનો પર સ્થાનિક લોકોનો અંકુશ. જાણકારી અને માહિતીથી લોકોમાં આત્મવિશ્વાસ વધશે, જે લોકોને સક્રિય થવાની પ્રેરણા પૂરી પાડશે. સક્રિયતાનો અર્થ એટલે કે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન માત્ર મત આપવો એટલું જ નહીં પણ વિકાસલક્ષી કામોનાં આયોજન અને અમલીકરણની પ્રક્રિયામાં લોકોની સક્રિય ભાગીદારી. આ પ્રક્રિયાથી સામાજિક રીતે પછાત અને વંચિત સમુદાયોનું સશક્તિકરણ થાય એ વાત ઉપર ભાર મુકાવો જોઈએ અને દલિત, આદિવાસી તથા મહિલાઓમાંથી નેતૃત્વ ઉભરે એવી તકો ઊભી કરવા ઉપર ભાર મુકાવો જોઈએ.

છેલ્લા દિવસે વિવિધ પ્રાંતોમાંથી બારેક જેટલી પસંદ કરેલી વ્યક્તિઓની એક સમિતિ તૈયાર કરવામાં આવી હતી. તેણે ત્રણ દિવસ સુધી ચાલી રહેલી ચર્ચા અને એના નિષ્કર્ષ ઉપર પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. જુદાં જુદાં રાજ્યોના પ્રતિનિધિઓએ પોતાના રાજ્યમાં કરવાનાં કામોની જાહેરાત કરી હતી.

ચર્ચાના અંતે પાંચ મુદ્દાનો એક કાર્યક્રમ સહજ રીતે ઉભરી આવ્યો હતોઃ **૧.** લોકશાહીના મજબૂતીકરણ માટે જાહેર સાહસો, સંસ્થાઓ, પંચાયતોને જવાબદાર બનાવવા એક ઝુંબેશ ચલાવવી. **૨.** નાગરિકના હક્કો અને ફરજો પ્રત્યે સભાનતા કેળવવા મોટા પાયે એક શૈક્ષણિક ઝુંબેશનો આરંભ કરવો. **૩.** મહિલાઓ, દલિતો, યુવાનો અને આદિવાસીઓની શક્તિ-સમજનો માનપૂર્વક સ્વીકાર કરવો તથા તેમની શક્તિ વધુ ખીલે તે દિશામાં પ્રયત્નો હાથ ધરવા. **૪.** કુદરતી સંસાધનો ઉપર પંચાયતોનો કબજો એ એમના સશક્તિકરણનો આધાર છે તેને ધ્યાનમાં લઈ જળ, જમીન, જંગલ, જાણકારી, જાનવર અને જનશક્તિના અધિકારો તેમને સોંપાય તે દિશામાં નક્કર કામગીરી અને રજૂઆતો કરવી. **૫.** નાગરિકો અને સ્થાનિક નેતાઓનું સંકલન - ઊભું થાય તેવી પ્રક્રિયાને વેગ આપવો.

બે રાત્રિ દરમ્યાન જુદા જુદા પ્રદેશના લોકોએ નૃત્ય, ગીતો તથા નાટકો દ્વારા પોતાના પ્રદેશની પરિસ્થિતિનું ચિત્ર રજૂ કર્યું હતું. સૌ લોકોની જાણકારી માટે વિવિધ રાજ્યોની સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતાનાં સ્ટોલ તથા પ્રદર્શનો મૂક્યાં હતાં. સંચાર ક્ષેત્રે આવી રહેલા ઝડપી ફેરફારો તથા નવી ટેકનોલોજીની પ્રત્યક્ષ જાણકારી માટે એક ખાસ સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો. સંમેલનમાં હાજર પ્રતિનિધિઓએ આ દિવસો દરમ્યાન નવા બે સાથી મિત્રો સાથે સરનામાવાળા

પોસ્ટકાર્ડની આપ-લે કરી હતી, જેથી એકબીજા વચ્ચે કાયમી ધોરણે સંવાદ સાધી શકાય. છૂટા પડતાં પહેલાં સૌએ રંગીન કપડાના નાના ટુકડા ઉપર આ ત્રણેય દિવસ દરમ્યાન શું નવું શીખ્યાં તથા પોતાના કાર્યક્ષેત્રમાં આ વિચારને મજબૂત કરવા શું પ્રવૃત્તિ કરશે તેની જાહેરાત કરી હતી. આવા રંગીન ટુકડાઓથી હોલ રંગબેરંગી રંગોથી ઉભરાઈ ગયો હતો. 'અમે પાર કરીશું'ના સમૂહગાનથી કાર્યક્રમ સમાપ્ત થયો હતો. વિશેષ માહિતી માટે સંપર્ક સાધોઃ ઉન્નતિ.

**ગામ શક્તિશાળી બનશે તો દેશ શક્તિશાળી બનશે:અન્ના હજારે**

**સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વૉટરશેડ મેનેજમેન્ટ અંગેનો કાર્યક્રમ યોજાયો**

"હાથ માટે કામ અને પેટ માટે રોટી આપતી વૉટરશેડ યોજના ક્રાંતિકારી યોજના છે. જો આઝાદી પછી તરત આ યોજના અમલમાં આવી હોત તો દેશની હાલત આજે કંઈક જુદી જ હોત. પરંતુ હજુય સમય હાથમાંથી સરી નથી ગયો. વૉટરશેડ જેવી લોકભાગીદારીનો મહિમા સમજાવતી યોજનાથી આપણે ગામડાંને બેઠાં કરવાનાં છે અને તે રીતે દેશને શક્તિશાળી બનાવવાનો છે", સાવરકુંડલાના ખડસલી ગામે યોજાઈ ગયેલા વૉટરશેડ મેનેજમેન્ટ કાર્યશિબિરના કાર્યક્રમમાં બોલતાં મહારાષ્ટ્ર અને દેશના વિખ્યાત સામાજિક કાર્યકર શ્રી અન્નાસાહેબ હજારેએ ઉપરોક્ત ઉદ્‌બોધન કરીને લોકોને સાચા અર્થમાં ગ્રામવિકાસ માટે મથવાનું આહ્‌વાન કર્યું હતું. આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશનાં ગામોના વિકાસ માટે પોતાના માર્ગદર્શનનો મહત્ત્વનો ફાળો આપનારા શ્રી અન્નાસાહેબ વૉટરશેડ યોજના દ્વારા ગ્રામવિકાસને વેગ આપવાના કાર્ય માટે આખા દેશમાં ખૂબ જાણીતા છે. કુદરતી સંસાધનોના અસરકારક જતન દ્વારા દેશનો વિકાસ થાય તે અંગે ભારત સરકારને પણ તેઓ ઉપયોગી માર્ગદર્શન અને સૂચનો પૂરાં પાડી રહ્યાં છે.

અમદાવાદ સ્થિત સ્વૈચ્છિક સંસ્થા ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર - ડીએસસી, શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ અને કાપાર્ટ, નવી દિલ્લીના સંયુક્ત ઉપક્રમે અત્રે યોજાઈ ગયેલા વૉટરશેડ મેનેજમેન્ટ અંગેના કાર્યક્રમમાં તેઓ મુખ્ય મહેમાન પદેથી ઉદ્‌બોધન કરી રહ્યા હતા. વૉટરશેડનાં કામોની સફળતા અંગે તેમણે જણાવ્યું હતું કે, તેમાં માત્ર ચેકડેમ કે પાળા બાંધી દેવાની વાત નથી, પરંતુ કુદરતનું જતન કરવાની વાત છે. વૃક્ષ અને ઘાસનું મહત્ત્વ ઘણું છે તેથી તેના

---

**શ્રી સંજય દવેને શ્રેષ્ઠ ગ્રામ-વિકાસ આલેખન માટે પુરસ્કાર**



તંદુરસ્ત લોકમત ઘડવામાં તેમ જ લોકહિત અને સામાજિક શ્રેયના જતનમાં અખબાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અખબારો અને તેના આલેખન દ્વારા પ્રજાની જાગૃતિ અને કેળવણીના હેતુને વધારે અસરકારક બનાવવા ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે પત્રકારો અને અખબારોને પુરસ્કારો એનાયત કરવામાં આવે છે.

૧૯૯૭-૯૮ વર્ષમાં શ્રેષ્ઠ ગ્રામ-વિકાસ આલેખન કરવા બદલ 'ચરખા'ના શ્રી સંજય દવેને રાજ્ય સરકાર દ્વારા પુરસ્કાર આપવાનું જાહેર થયું છે. રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા ઘોષિત થતા આ પુરસ્કારમાં જાહેર સમારંભમાં રૂ. ૨૫૦૦૦, પ્રશસ્તિ-પત્ર અને સ્મૃતિ-ચિહ્ન આપવામાં આવશે.

ગ્રામ-વિકાસ, મહિલા અને જિલ્લા અંગેનાં આલેખનોમાંથી શ્રેષ્ઠ આલેખનોને દર વર્ષે આ પુરસ્કાર એનાયત થાય છે. પત્રકારત્વમાં લાંબા સમયનું યોગદાન આપનાર શ્રેષ્ઠ વ્યક્તિને, અખબારના શ્રેષ્ઠ તંત્રીલેખને અને શ્રેષ્ઠ માસિક, દ્વિ-માસિક તથા ત્રિ-માસિકને પણ પુરસ્કાર અપાય છે. તેમાં શ્રેષ્ઠ ફોટો પત્રકારત્વ અને શ્રેષ્ઠ હાસ્યલેખન-કાર્ટુન માટેના પુરસ્કારોનો પણ સમાવેશ થાય છે.

દર વર્ષે જાન્યુઆરી કે ફેબ્રુઆરી માસમાં અખબારોમાં જાહેરાત આપીને આલેખનો મંગાવવામાં આવે છે. દર વર્ષે ઉપરોક્ત જુદા જુદા વિભાગો હેઠળ આવેલાં આલેખનોને તપાસીને પુરસ્કારનો નિર્ણય કરવા માટે પત્રકારત્વ સાથે સંકળાયેલા અનુભવી-નિષ્ણાત લોકોની એક સમિતિ રચાયેલી છે. તે સમિતિ તમામ લેખનકૃતિઓ અને પત્રકારોનાં આલેખનોની સમીક્ષા કરીને સર્વાનુમતે પુરસ્કાર આપવા અંગેનો નિર્ણય લે છે. ત્યાર બાદ રાજ્ય સરકારના માહિતી ખાતાની માહિતી કમિશનરની કચેરી દ્વારા પુરસ્કારોની ઘોષણા અખબારો અને વીજાણુ માધ્યમો મારફતે કરવામાં આવે છે. પુરસ્કારો અંગેની વિગતો જાણવા અને વધુ માહિતી મેળવવા સંપર્ક: માહિતી નિયામકશ્રી, માહિતી કમિશનરની કચેરી, માહિતી ખાતું, ગુજરાત સરકાર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લૉક નં. ૭, બીજે માળે, ગાંધીનગર ૩૮૨ ૦૧૦.

રક્ષણની વાત પણ વૉટરશેડમાં કરાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકારના કામમાં લોકોની સહભાગિતા તો ફળદાયી નીવડી જ, પણ હવે લોકોના કામમાં સરકારની સહભાગિતા થાય એ પ્રકારની વ્યવસ્થા ઊભી થવી જોઈએ. તેમણે દેશમાં વ્યાપેલા રાજકીય ભ્રષ્ટાચાર, શોષણ અને સામાજિક દૂષણો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાતમાં વૉટરશેડનાં કામોથી આવેલા સારા પરિવર્તન બદલ તેમણે ગ્રામજનોને અભિનંદન આપ્યાં હતાં.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતાં શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળના શ્રી મનુભાઈ મહેતાએ યોજના અંતર્ગત થયેલાં કામોના ફાયદાની વાત કરી હતી. ટ્રેન્ચો બાંધવાથી પાણીનો સંગ્રહ થયો, ભેજ સંઘરી શકાયો અને તેને કારણે વિપુલ પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ થયો એમ તેમણે જણાવ્યું હતું. ડીએસસીના અધ્યક્ષશ્રી અનિલભાઈ શાહે વૉટરશેડ યોજનાને સરકારની સૌથી શ્રેષ્ઠ યોજના ગણાવતાં કહ્યું હતું કે, ગ્રામજનોના કોઠાસૂઝ અને જ્ઞાનનો ઉપયોગ કરીને જળસ્રાવ વિકાસનાં કામો લોકો દ્વારા જ કરવામાં આવ્યાં છે એ આ યોજનાની સૌથી મહત્ત્વની વાત છે. યોજના પૂરી થયા પછી પણ ગ્રામસંગઠનો ગ્રામવિકાસ માટે મથ્યા રહે તેવી વ્યવસ્થા ઊભી કરવા માટે લોકોને તેમણે અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમ દરમ્યાન વૉટરશેડનાં દૃષ્ટાંતરૂપ સફળ કાર્યોનું પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાતની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ પોતાના વિસ્તારમાં થયેલા વૉટરશેડનાં નમૂનારૂપ કાર્યોની રૂપરેખા આપી હતી. કાર્યક્રમમાં ગુજરાત સરકારના ગ્રામવિકાસ વિભાગના નાયબ કમિશનર શ્રી પી. પી. રાવલ, અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આરિફ શેખ અને જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત આશરે ૨૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન વૉટરશેડ યોજના અંતર્ગત કાર્ય કરતા લોકોની અનુભવવાણી રજૂ કરતા સંકલન 'સજીવ વાણી'નું વિમોચન શ્રી અન્નાસાહેબ હજારેના હસ્તે કરવામાં આવ્યું હતું. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર. ૨ પ્રકૃતિ એપાર્ટમેન્ટ, રેડ રોઝ રેસ્ટોરન્ટ સામે, એચ.એલ. કોમર્સ કોલેજ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**કાળો દસ્તાવેજ- ઠાલાં વચનો અને ભરમાયેલા દલિતો**

આઝાદ ભારતનું બંધારણ ઘડાયું તે વાતને ૨૬.૦૧.૨૦૦૦ના રોજ ૪૯ વર્ષ પૂરાં થશે. ભૂખમરો, નિરક્ષરતા, બાળમૃત્યુ દર અને સામાન્ય જરૂરિયાતોનો અભાવ જેવા આંતરરાષ્ટ્રીય માપદંડો નક્કી છે ત્યારે સામાજિક અને સમતોલ વિકાસના પરિપ્રેક્ષ્યમાં આપણી પ્રગતિને મૂલવવાની જરૂર છે. દેશની અડધી વસ્તી ગરીબીની રેખા હેઠળ જીવે છે. વધતું જતું શહેરીકરણ અને ઝૂંપડપટ્ટી અને એમાંય દલિતો અને આદિવાસીઓની દશા ખૂબ જ દયનીય છે. આ પરિસ્થિતિને બદલવા ચૂંટણી ટાણે કે પછી યોજનાઓ દ્વારા મોટાં વચનો અને હક્કો મેળવી અપાવવામાં કાયદાકીય આંટીઘૂંટીમાં ખૂબ સમય પસાર થાય છે. ન્યાયતંત્રની ઢીલાશને કારણે ગરીબો-દલિતોનો વિશ્વાસ ઉઠતો જાય છે અને એમની ચિંતા ઘેરી બનતી જાય છે. ઔદ્યોગિક મૂડી રોકાણના ક્ષેત્રે દેશમાં પ્રથમ સ્થાને આવતું ગુજરાત દલિતો પરના અત્યાચારમાં ચોથા નંબરે આવે છે એ હકીકત નોંધપાત્ર છે.

'દલિત માનવ અધિકાર અંગેની રાષ્ટ્રીય ઝુંબેશ'ના ભાગરૂપે દેશમાં એક ચળવળ ચાલી રહી છે. આ ઝુંબેશ અન્વયે, મુખ્ય ધ્યાન ખેંચે અને સરખામણી કરી શકાય તથા આંકડાઓથી સિદ્ધ કરી શકાય એવી હકીકતો ઉપર પ્રકાશ પાડતો એક 'કાળો દસ્તાવેજ' નવસર્જન ટ્રસ્ટ- અમદાવાદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યો. આ દસ્તાવેજમાં મુખ્ય ૬ સમસ્યાઓ **૧.** દલિતોને જીવન નિર્વાહ અધિકાર, **૨.** સમાન સામાજિક ભાગીદારી માટેના દલિત મહિલાના અધિકારો, **૩.** શિક્ષણ મેળવવાનો દલિતોનો અધિકાર, **૪.** દલિતોને જમીન અને શ્રમનો અધિકાર, **૫.** સલામતી સહિત જીવન ગુજારવાનો દલિતોનો અધિકાર, **૬.** દલિતોને નોકરીઓમાં અનામત અને રોજગારીનો અધિકાર ઉપર હકીકત પત્ર તૈયાર કરવામાં આવ્યો છે. માનવ અધિકારના સંદર્ભમાં આ મુખ્ય વાત પૂરતી થઈ રહેશે. હકીકત પત્રની સાથે ભારત સરકાર, આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સમુદાય તથા 'સંયુક્ત રાષ્ટ્રો' સમક્ષ માગણીઓ પણ કરવામાં આવી છે.

૨૭.૧૧.૯૯ના રોજ આ દસ્તાવેજનું વિમોચન ગુજરાત રાજ્યના માજી ધારાસભ્ય અને સામાજિક કાર્યકર શ્રી નારણભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી માર્ટિન મેકવાન (નવસર્જન ટ્રસ્ટ) દ્વારા ઝુંબેશના ઉદ્દેશોની સ્પષ્ટતા કરવામાં આવી. જ્યારે શ્રી રમેશભાઈ પરમાર તથા સંસદ સભ્યશ્રી પ્રવીણ રાષ્ટ્રપાલ દ્વારા દલિત અધિકારો, દલિતો સામે-સાથે ખેલાતું રાજકારણ, દલિતોની માનસિકતા અંગે પોતાના વિચારો વ્યક્ત કરાયા હતા.

ડિસેમ્બર માસમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા આ અંગે થનારા કાર્યક્રમોની પણ જાહેરાત કરવામાં આવી હતી. શ્રી ચંદુભાઈ મહેરિયાએ સભાનું સંચાલન કર્યું હતું. દસ્તાવેજની નકલ માટે સંપર્ક સાધોઃ નવસર્જન ટ્રસ્ટ, ૨, રૂચિત એપાર્ટમેન્ટ, ધરણીધર દેરાસરની પાછળ, સૂરજ પાર્ટી પ્લોટની સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોનઃ ૬૬૧૦૪૧૨, ૬૬૩૦૮૭૨, ૬૬૦૭૩૫૨ ઈમેલઃ navsarjan@vsnl.com

**અરવલ્લીમાં વિચરતી જાતિઓનું ૭મું માનવ અધિકાર સંમેલન**

રાજસ્થાન રાજ્યમાં અનેક પ્રદેસોમાંથી પસાર થતી અરવલ્લી પર્વતમાળા છે. તેની તળેટીમાં છેલ્લાં ૮-૯ વર્ષથી પોતાનું વિચરતું અને રખડું જીવન છોડીને 'સ્વાવલંબનમય સ્થાયી સામાજિક પુનર્વસવાટ' કરીને રહેનારી હરિજન અને આદિવાસી જાતિઓનાં આશરે ૨૦૦૦ સ્ત્રી-પુરુષોનું સાતમું વાર્ષિક સંમેલન બોલાવવામાં આવ્યું હતું.

તેમને રાષ્ટ્રીય વિકાસના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા અને તેમની માનવ અધિકારોની માગણીને બુલંદ બનાવવાનો આ સંમેલનનો હેતુ હતો. 'મુક્તિધારા' સામાજિક સંસ્થાની પ્રેરણા અને સહયોગથી સદીઓથી પોતાનું રખડુ જીવન વ્યતીત કરનારી આ ટોળકીઓને રાજ્યના અલવર, જયપુર, દૌસા અને ભરતપુર જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં આશરે ૩૦ સ્થળોએ સ્થાયી વસવાટ કરાવવામાં આવ્યો છે. તેમાં બંજારા, ગાડિયાંલુહાર, બાવરિયા, ભોપા, કાનબેલિયા-સપેરા તથા નટ જાતિઓ અને આદિજાતિઓના લગભગ ૧૬૦૦૦ લોકોનો સમાવેશ થાય છે.

આઝાદીનાં ૫૦ વર્ષ સુધી તેમને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાના પ્રામાણિક પ્રયાસો સરકારોએ કે સમાજે કર્યા નથી. લોકનાયક જયપ્રકાશ નારાયણ દ્વારા સ્થાપિત 'છાત્ર-યુવા સંઘર્ષ વાહિની'માંથી જે કેટલાક સંઘર્ષશીલ યુવાનો નીકળ્યા તેમણે સમાજ પરિવર્તનની દિશામાં આ વિચરતી જાતિઓને તેમના રખડુ અને રઝળપાટવાળા જીવનમાંથી મુક્તિ અપાવવા માટે અને તેઓ પોતાના જ પ્રયાસોથી આગળ આવે તે માટે એક આંદોલન શરૂ કર્યું. આઝાદી બાદ છેવાડે ફેંકાઈ ગયેલી આ લાચાર અને બીમાર ટોળીઓની હાલત ખૂબ જ દયનીય છે. સામાજિક-આર્થિક કારણોસર મજબૂર, શોષિત, સતત ત્રાસ પામતી અને અનેક સ્થળોએ વેઠ મજૂરીમાં ફસાયેલા આ લોકો આજે પણ પ્રાથમિક જીવનજરૂરિયાતોથી વંચિત છે એટલું જ નહિ



પણ વ્યવસ્થિતપણે અસામાજિક ષડયંત્રનો શિકાર થયેલા છે. તેમની પાસે ૮-૯ વર્ષ અગાઉ તો કોઈ નાગરિક અધિકારો હતા જ નહિ. તેમનામાં કોઈ સાક્ષર પણ નહોતું અને તેઓ આજે પણ નાગરિક અધિકારો ભોગવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. માનવ અધિકારોના આ આંદોલનને સર્જનાત્મક અને વિધાયક દિશાના પ્રયાસો કરીને તેમની વર્તમાન જિંદગીમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો છે.

૧૦મી ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ 'મુક્તિધારા'ના પ્રાંગણમાં માનવ અધિકાર દિને તેમનું સાતમું માનવ અધિકાર સંમેલન મળ્યું. તેમાં રાજસ્થાનની વડી અદાલતના મુખ્ય ન્યાયમુર્તિ શ્રી દિનકરલાલ મહેતા અને રાજસ્થાનના આઈજીપી શ્રી ડી. એસ. દિનકર અતિથિ વિશેષ તથા અધ્ય તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જયપુર ક્ષેત્રના અનેક ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ તેમાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે પ્રધાનો, ધારાસભ્યો અને અમલદારો એમ વહીવટની ત્રણેય પાંખોએ રખડુ જીવનથી મુક્તિ મેળવનારી ટોળીઓના માનવ અધિકારોની સંયુક્ત ઘોષણા કરી અને એક ઘોષણાપત્ર જારી કરવામાં આવ્યું. આ ઘોષણાપત્ર અનુસાર રખડુ જીવન જીવનારી ટોળીઓ અને બેબસ તથા લાચારીભર્યું જીવન જીવનારી ટોળીઓના લોકો સાથે માનવતાપૂર્ણ વ્યવહાર કરવા માટે તેમ જ તેમની પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સંઘર્ષ કરવા માટે પડકાર ફેંકવામાં આવ્યો છે.

નોંધપાત્ર બાબત એ છે કે માનવ અધિકારોની પ્રાપ્તિ માટે સંઘર્ષ કરવાની ઘોષણાએ આ સંમેલનને નવી દિશા આપી. એના પહેલાં વિચરતી જાતિઓના વડાઓના એક પ્રતિનિધિ મંડળે તે વખતના વિરોધ પક્ષના નેતા શ્રી અટલબિહારી બાજપેયીને, રાજસ્થાનના રાજ્યપાલ શ્રી બલીરામ ભગતને તથા મુખ્ય પ્રધાન શ્રી ભૈરોસિંહ શેખાવતને તથા રાજસ્થાનની વડી અદાલતમાં સંખ્યાબંધ અરજીઓ કરીને માનવ અધિકારોની માગણી કરી હતી. પરંતુ કમનસીબે એ દિશામાં કશું પ્રગતિકારક કામ થયું નહોતું. જુલાઈ-૧૯૯૯માં આ ટોળીઓના પ્રતિનિધિમંડળે રાષ્ટ્રપતિ શ્રી કે. આર. નારાયણને પ્રાથમિક સવલતોના અભાવ અગેની માહિતી મોકલાવી હતી. તે પછી રાષ્ટ્રપતિએ રાજસ્થાનના સચિવ શ્રી અરુણ કુમારને ૧૦.૭.૧૯૯૯ના રોજ પત્ર લખીને રખડુ જાતિઓના લોકોને પ્રાથમિક સવલતો આપવા માટે જણાવતાં લોકોમાં આશા જાગી છે.

અ સંમેલનમાં વિચરતી જાતિઓ અને હવે સ્થાયી જીવન જીવતી જાતિઓના લોકોએ વહીવટી તંત્ર અને સમાજ પાસે માનવીય વ્યવહારની અપેક્ષા વ્યક્ત કરી. અને એવી ઘોષણા પણ કરી કે આ

દિશામાં વહીવટી તંત્ર જો પ્રામાણિક પ્રયાસ નહિ કરે તો તેઓ સંઘર્ષનો માર્ગ અપનાવશે અને પોતાના નાગરિક અને માનવ અધિકારોનું જતન કરશે. તેઓ એ માટે શાંતિપૂર્ણ અને અહિંસક આંદોલન ચલાવવા માટે પણ તૈયાર થયા છે. એક તરફ કહેવાતા વિકાસના સામે ૧૫ કરોડ લોકો બેઘર છે ત્યારે અનેક સ્થળોએ અભયારણ્યો, બંધો અને પરિયોજનાઓના નિર્માણથી સદીઓથી વિચરતી ટોળીઓને રાષ્ટ્રીય પુનર્વસવાટ નીતિ અને સાચી આઝાદી વિશે પ્રશ્નો ઊભા કર્યા છે. અરવલ્લીની પર્વતમાળાની તળેટીનાં ગામોમાં અનેક સ્થળોએ સ્ત્રીઓ-પુરુષો અને બાળકો નિર્ભય બનીને 'આ આઝાદી અધૂરી છે' એવો નારો લગાવી રહ્યાં છે.

**રાજસ્થાનમાં સુવર્ણ જયંતી સ્વરોજગાર યોજના અંગે સંમેલન**

બાડમેરની 'ધારા સંસ્થાન' દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થા સાથે સંયુક્ત રીતે ૧૬-૧૭ ઓગસ્ટ, ૧૯૯૯ દરમ્યાન સુવર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના અંગે ગ્રામજનોનું એક સંમેલન જાલિયાના રાજકીય પ્રાથમિક વિદ્યાલયમાં બોલાવ્યું હતું. આ સંમેલનમાં સરકારી અધિકારીઓ ઉપરાંત બાડમેરની સ્વૈચ્છિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. તેનું ઉદ્‌ઘાટન જિલ્લાના કલેક્ટરે કર્યું હતું.

આ સંમેલનમાં બાડમેર પંચાયત સમિતિ હેઠળ આવતાં ગામોના લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસના આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ **૧.** સુવર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના અન્વયે પસંદ કરાયેલાં કુટુંબોને આ યોજનાની માહિતી આપવાનો હતો. અને **૨.** ગ્રામજનો દ્વારા સહભાગી ગ્રામીણ અધ્યયન કરવાનો હતો.

ગ્રામજનોએ સહભાગી ગ્રામીણ અધ્યયનમાં ઉત્સાહભેર ભાગ લીધો. સમેલનમાં આવેલા ગ્રામજનોને ૧૭ જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા. તેમણે વિસ્તારની સમસ્યાનું અધ્યયન કર્યું અને સ્થાનિક સંસાધનો દ્વારા તેમનું નિરાકરણ કેવી રીતે થઈ શકે તેનું પણ અધ્યયન કર્યું. આ સંમેલનની સફળતા એ હતી કે ગ્રામજનોમાં જિજ્ઞાસાની સાથે સાથે પોતાના વિસ્તારના વિકાસને માટે તેમનામાં ઉત્કંઠા જાગી.

**સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ અંગે રાષ્ટ્રીય અધિવેશન**

'વોલન્ટરી એક્શન નેટવર્ક ઈન્ડિયા' (વાણી) દ્વારા તા. ૨૮-૨૯ નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન હૈદરાબાદ ખાતે 'સ્વૈચ્છિક પ્રવૃત્તિઓઃ નૂતન સહસ્રાબ્દીમાં પડકારો અને તકો' વિશે એક રાષ્ટ્રીય અધિવેશન મળ્યું હતું. તેમાં દેશભરની સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ અને વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશનમાં નીતિ અને કાનૂની વ્યવસ્થા, ઉત્તરદાયી અને પારદર્શી શાસન તથા લોકોનું પર્યાવરણ વિશે અભ્યાસ લેખો રજૂ કરવામાં આવ્યા હતા. ઉપરાંત સ્વૈચ્છિક સંગઠનોની ગુણવત્તા, કાર્યક્ષમતા અને અસરકારકતા વિશેનો અભ્યાસલેખ પણ રજૂ થયો હતો.

તેમાં એક એવું સૂચન પણ કરવામાં આવ્યું હતું કે દરેક સ્વૈચ્છિક સંસ્થાએ આશરે ૧ લાખની વસ્તી ધરાવતા એક વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કદાચ ૩૦,૦૦૦ની વસ્તી ધરાવતા વિસ્તારથી તેની શરૂઆત પણ કરી શકાય. આ અધિવેશનમાં સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચે વધુ મજબૂત સંકલન સધાય તેની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. અધિવેશનના અહેવાલ માટે સંપર્ક સાધોઃ 'વાણી', બી-૫૨, શિવાલિક, નવી દિલ્હી-૧૧૦૦૧૭.

## આગામી કાર્યક્રમ

**પ્રાથમિક આરોગ્ય સંભાળના સંચાલન વિશે કાર્યક્રમ**

ભારતની આગાખાન હેલ્થ સર્વિસની ગુજરાત ઓફિસ તા. ૯થી ૧૨ માર્ચ, ૧૯૯૯ દરમ્યાન પ્રાથમિક આરોગ્ય સંભાળના સંચાલન અંગે એડવાન્સમેન્ટ પ્રોગ્રામ યોજી રહી છે. જેઓ મુલ્યાંકનમાં સામેલ છે તેઓ તેમાં ભાગ લઈ શકશે. આ અભ્યાસક્રમમાં સંચાલકીય ગુણવત્તા, ખર્ચ વિશ્લેષણ અને ટકાઉપણા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. નિષ્ણાત તરીકે યુએનએફપીએના રાજ્ય સંયોજક શ્રી અરવિંદ પુલિકલ માર્ગદર્શન આપશે. અભ્યાસક્રમનું માધ્યમ હિંદી કે અંગ્રેજી હશે અને તેની ફી રૂ. ૨૭૫૦/- રાખવામાં આવી છે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ સુશ્રી થંગમ જ્યોર્જ, ફોનઃ ૦૭૯-૫૩૨૭૦૫૭, ૫૩૨૭૬૨૩, ફેક્સઃ ૦૭૯-૫૩૨૩૦૧૭, ઈ-મેઈલઃ akshi_1@satyam.net.in

**સામાજિક વિકાસના દૃષ્ટિકોણો વિશે તાલીમ કાર્યક્રમ**

ભારતના પશ્ચિમ વિભાગના વિકાસ કાર્યકર્તાઓ માટે 'ઉન્નતિ' દ્વારા 'સામાજિક વિકાસના દૃષ્ટિકોણો' વિશે એક તાલીમ કાર્યક્રમ માર્ચ ૭-૧૧, ૨૦૦૦ દરમ્યાન યોજાયો છે. સમાજમાં થતી સીમાંતીકરણની અને ગરીબીની સામાજિક પ્રક્રિયાઓ વિશે વિકાસ કાર્યકર્તાઓનું ધ્યાન દોરવા માટે અને સહભાગિતા, સશક્તિકરણ અને ચિરંતનતાના વિચારોને સમજી, એકબીજા સાથે જોડી ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં અમલીકરણ થાય તે માટે વિકાસ કાર્યકર્તાઓને સક્ષમ બનાવવા આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર એમ ત્રણેય રાજ્યોના વિકાસ કાર્યકર્તાઓ આમાં ભાગ લઈ શકે છે. આ કાર્યક્રમ હિન્દીમાં યોજવામાં આવશે. સંપર્કઃ 'ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંસ્થા', જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

# સંદર્ભ સાહિત્ય

સમુદાય આધારિત સંગઠનો (બચત મંડળો, મહિલા મંડળો, યુવક મંડળો વગેરે) માટે તથા આવાં સંગઠનો સાથે કાર્યરત સંસ્થાઓનાં કાર્યકરો માટે હંમેશાં માહિતીની આપ-લે એક પ્રશ્ન બને છે. આવાં સંગઠનોની માસિક મીટિંગમાં મુખ્ય કાર્ય પૂરું થયા બાદ ચર્ચાના વિષયો ઘણા મર્યાદિત રહે છે. આ વાતને ધ્યાનમાં રાખીને આ અંકમાં એવાં માસિકો અને મુખપત્રો વિશે માહિતી આપી છે જે ગ્રામજનો સમજી શકે તેવી સરળ ભાષામાં પ્રકાશિત થાય છે અને જુદા જુદા ઉપયોગી વિષયોને આવરી લે છે.

**આપણું સ્વાસ્થ્ય**

'લોકોસ્ટ' દ્વારા પ્રકાશિત ઉપરોક્ત પત્રિકા આધુનિક તબીબી વિજ્ઞાનના ઉપયોગ દ્વારા સહુના આરોગ્યની ચર્ચા કરતી માસિક પત્રિકા છે. તેમાં આહાર, શરીર અને રોગો વગેરે જેવા સ્વાસ્થ્યને લગતા જુદા જુદા વિષયો ઉપર માહિતી પ્રકાશિત કરાય છે. 'આપણું સ્વાસ્થ્ય'નું વાર્ષિક લવાજમ રૂ. ૫૦/- છે. ડ્રાફ્ટ કે ચેક 'લોકોસ્ટ'ના નામે મોકલવો. સંપર્કઃ 'આપણું સ્વાસ્થ્ય', લોકોસ્ટ કોમ્યુનિકેશન, પ્રેમાનંદ સાહિત્ય સભા હોલ, દાંડિયા બજાર, વડોદરા-૩૯૦૦૦૧, ફોનઃ ૪૧૩૩૧૯.

**નારીવિશ્વ**

'અવાજ' દ્વારા પ્રકાશિત આ માહિતી પત્રિકામાં મહિલાઓ અંગેની રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. તેમાં ખાસ કરીને મહિલા સંમેલનો અને મહિલાઓ અંગેની નીતિઓ વગેરે વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે. પત્રિકા સીમિત વિતરણ માટે છે. સંપર્ક 'નારી વિશ્વ', ૪૮, સોમનાથ નગર, વિજયનગર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોનઃ ૭૪૩૪૧૨૨.

**નિયતિ**

'વિકસત' દ્વારા પ્રકાશિત આ ત્રિમાસિક કુદરતી સંપત્તિના સંરક્ષણ અને તેના વિકાસનાં કાર્યો કરતા લોકો વચ્ચે સેતુ જેવું કાર્ય કરે છે. તેમાં ખેતીની જુદી જુદી પદ્ધતિઓ, જમીન સંરક્ષણ અને પાણી જેવી પર્યાવરણને લગતી બાબતો પર માહિતી પ્રકાશિત કરવામાં આવે છે. આ ઉપરાંત શ્રેષ્ઠ પત્ર પ્રોત્સાહન યોજના, પર્યાવરણ શબ્દ કોયડો જેવા સામાન્ય જનને પણ રસ પડે તેવા વિભાગો ઉપરાંત ગ્રાસરૂટના અનુભવોને સચિત્ર દર્શાવવામાં આવે છે. 'નિયતિ'નો વાર્ષિક આર્થિક સહયોગ રૂપિયા ૭૫/- છે. ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ 'નહેરુ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ A/C વિકસત' ના નામનો લખવો. સંપર્કઃ વિકસત-નહેરુ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ એજ્યુકેશન, થલતેજ ટેકરો, અમદાવાદ-૩૮૦૦૫૪, ફોનઃ ૬૪૨૬૨૨૦, ૬૪૪૨૬૫૧, ફેક્સઃ ૦૭૯-૬૪૨૭૧૨૩, ૬૪૨૦૨૪.

**નારી ચેતના**

'નારી ચેતના' ગૂજરાત વિદ્યાપીઠના પ્રૌઢ શિક્ષણ તાલીમ અને સંશોધન કેન્દ્ર દ્વારા પ્રકાશિત થતી નવશિક્ષિતો માટેની અનિયતકાલીન પત્રિકા છે. તેમાં મુખ્યત્વે મહિલાઓને લગતી શિક્ષણ અને સક્ષમતા અંગેની બાબતોનું સંકલન કરવામાં આવે છે. તેમાં નાનાં જોડકણાં, ગીતો, વાર્તાઓ જેવા માધ્યમથી માહિતીને ખૂબ રસપ્રદ તેમ જ સરળ રીતે સચિત્ર પ્રસ્તુત કરવામાં આવે છે. બહેનોનાં સંગઠનો માટે ખૂબ જ ઉપયોગી છે. તે ગૂજરાત વિદ્યાપીઠ ખાતેથી વિનામૂલ્યે મળી શકે છે. સંપર્કઃ પ્રૌઢ શિક્ષણ તાલીમ અને સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

**સરપંચ**

'પશ્ચિમ ભારત પંચાયતી રાજ મંચ' દ્વારા પ્રકાશિત 'સરપંચ' એ ત્રિમાસિક મુખપત્ર છે. તેમાં પંચાયતો (ગામ, તાલુકા, જિલ્લા)ને લગતા લેખો, પંચાયતોને લગતાં પ્રોત્સાહક અનુભવો ઉપરાંત ભારતના જુદા જુદા પ્રદેશોની પંચાયતો અંગેના માહિતીસભર લેખો પ્રકાશિત કરવામાં આવે છે. તે ગ્રામ પંચાયતો સાથે કાર્ય કરતા સંસ્થાના કાર્યકર્તાઓ ઉપરાંત ગ્રાંમ પંચાયતોને ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. સંપર્કઃ 'સરપંચ', ૭, સાબરબાગ સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, ફોનઃ ૭૫૦૬૦૧૪.

**પંચાયતી રાજ**

'ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ' દ્વારા પ્રકાશિત થતી આ માસિક પત્રિકામાં મુખ્યત્વે પંચાયતી રાજ અને ગ્રામ વિકાસને લગતાં લખાણો પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમાં મુખ્યત્વે ખેતી, પશુપાલન, સહકારી પ્રવૃત્તિ, યુવક અને મહિલા મંડળની કામગીરી, પંચાયત અને જમીન મહેસૂલ કાયદાઓની સમજૂતી, ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતની સિદ્ધિઓ અને કાયદાને લગતા પ્રશ્નો તથા પંચાયતોને મૂંઝવતા પ્રશ્નો અને વહીવટી ગૂંચો અંગે લેખો, અહેવાલો અને વાર્તાઓનો

સમાવેશ કરવામાં આવે છે. આ માસિક દર માસે દરેક પંચાયતમાં ટપાલથી પહોંચાડવામાં આવે છે. 'પંચાયતી રાજ'નું વાર્ષિક લવાજમ રૂ. ૫૦/- છે. સંપર્કઃ પંચાયતી રાજ, ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ, સેક્ટર-૧૭, ગાંધીનગર, ફોનઃ ૨૨૨૪૩.

**સુનાવણી**

'સુનાવણી' સામાજિક ન્યાય કેન્દ્ર દ્વારા પ્રકાશિત થતું દ્વિમાસિક મુખપત્ર છે. તેમાં કાયદાને લગતી માહિતી, લેખો, સમાચાર ઉપરાંત સંવિધાનને લગતી માહિતી વગેરે ખૂબ જ સરળ ભાષામાં આપવામાં આવે છે. 'સુનાવણી' માટેનું સ્વૈચ્છિક યોગદાન વાર્ષિક રૂ. ૪૦/- છે. સંપર્કઃ ૧૦૯-સી, રોયલ ચિન્મય, જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪, ફોનઃ ૬૭૬૯૨૪૮.

**ઉજાસ**

'કચ્છ મહિલા વિકાસ સંગઠન'ના 'ઉજાસ માહિતી કેન્દ્ર-મુંદ્રા' દ્વારા પ્રકાશિત થતું આ માસિક કચ્છનાં ગામડાંનાં બહેનોની વાણી રજૂ કરે છે. તેમાં મહિલા સંગઠનની વાતો, દેશમાં બનતી જાણવા જેવી બાબતો ઉપરાંત ટુચકા, બહેનોનાં ગીત, વાર્તા તથા દેશી ઈલાજો જેવા વિભાગો અન્ય રસપ્રદ માહિતી પૂરી પાડે છે. આ માસિકની સૌથી અગત્યની બાબત એ છે કે, તેનું સંપાદન તેમ જ લેખન કાર્ય સંગઠનની બહેનો જ કરે છે તથા સંસ્થાનાં જ બહેનો દ્વારા ચલાવાતા પ્રિન્ટીંગ પ્રેસમાં 'ઉજાસ'નું સ્ક્રીન પ્રિન્ટીંગ થાય છે. ગામે ગામ ચાલતા મહિલા મંડળ તથા બચત મંડળનાં બહેનોને ખૂબ ઉપયોગી થાય તેમ છે. 'ઉજાસ'ના એક વરસ માટે લવાજમના દર નીચે પ્રમાણે છે. સંગઠન (મહિલા, યુવક, બચત મંડળો) માટે રૂ. ૫૦/- અ અનુદાન, સંસ્થાઓ તથા એજન્સીઓ માટે રૂ. ૧૦૦/-અ અનુદાન. આ લવાજમ 'ઉજાસ માહિતી કેન્દ્ર - મુંદ્રા'ના નામે ચેક અથવા મની ઑર્ડરથી મોકલી શકો છો. સંપર્કઃ 'ઉજાસ', ઉજાસ માહિતી કેન્દ્ર, મુન્દ્રા સંગઠન, કચ્છ મહિલા વિકાસ સંગઠન, ઓરાવાળ શેરી, મુન્દ્રા, કચ્છ-૩૭૦૪૨૧.

**સમુદ્રગાર**

સિસ્ટર નિવેદિતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થતા આ ત્રૈમાસિકનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો તથા શિક્ષણમાં રસ લેનાર સહુ કોઈને ઉપયોગી થાય તેવી લેખન સામગ્રી પ્રગટ કરવાનો છે. તેમાં જાણીતા શિક્ષણ શાસ્ત્રીઓ, સાહિત્યકારો, વિચારકોના લેખો વગેરે પ્રકાશિત થાય છે. ઉપરાંત શૈક્ષણિક સંસ્થાનાં બાળકોની કૃતિઓ પણ પ્રગટ થાય છે. સંપર્કઃ સિસ્ટર નિવેદિતા ચેરિટેબલ ટ્રસ્ટ, કાલાવટ રોડ, રાજકોટ-૩૬૫૦૦૫, ફોનઃ ૫૭૫૦૬૧, ૫૭૩૮૫૭ ફેક્સઃ ૫૮૧૨૫૭.

**પૃષ્ઠ ૯નો શેષ ભાગ**

શકે. અમે ચૂંટાયેલા અને જવાબદાર રાજકારણીઓ મટીને સ્વાર્થી માંધાતાઓ બની જઈએ અને તેમનો બોજ હળવો કરીએ તે માટે તેમણે અમને ચૂંટ્યા નથી.

૨. તેમણે જાહેર કર્યું કે લોકકેન્દ્રી વિકાસનો અર્થ એ છે કે લોકો તેમનાં પોતાનાં સંગઠનો દ્વારા વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમોના અમલમાં તથા નિર્ણય પ્રક્રિયામાં સીધી રીતે સામેલ થાય. તેમણે એ પણ નોંધ્યું કે વૈશ્વિકીકરણના લાભો મેળવવા, ગરીબી નિવારણના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં પ્રદાન કરવા, સમાન તકો ઊભી કરવા અને સંસાધનોની વાજબી વહેંચણી કરવા તથા વંશીય જાતિગત અને ધાર્મિક સંઘર્ષોનું અસરકારક નિવારણ કરવામાં મદદ કરવા લોકોને સક્ષમ બનાવવામાં નાગરિક સમાજનું વિશિષ્ટ મહત્ત્વ છે. તેમણે સ્થાનિક અને પ્રાદેશિક બિનસરકારી સંગઠનોના ક્ષમતાવર્ધનના પ્રયાસો મજબૂત બનાવવાની જરૂરિયાત પણ મહત્ત્વની ગણી. તેમણે 'નાગરિકો અને શાસન' વિશેના કોમનવેલ્થ ફાઉન્ડેશનના અહેવાલ તથા ફોરમની આ ત્રીજી બેઠકના નિવેદનની પણ નોંધ લીધી. તેમણે 'નાગરિકો અને શાસનઃ નૂતન સહસ્રાબ્દીમાં નાગરિક સમાજ' અંગેના કોમનવેલ્થ ફાઉન્ડેશનના અહેવાલના સારાંશનાં તારણોને ધ્યાનમાં લીધાં અને તેની ભલામણોના અમલને પ્રોત્સાહન આપ્યું.

## સ્થાનિક સ્તરની કાર્યલક્ષી યોજના

નાગરિકો માત્ર સારી સરકારની નહિ પણ એવા સુશાસનની અપેક્ષા રાખે છે કે જે શાસનની પ્રક્રિયામાં તેમની સહભાગિતા માટેનું સ્થાન પૂરું પાડે તથા ભૌતિક અને આર્થિક સલામતી પૂરાં પાડે. સ્થાનિક સ્તરે અમલમાં મૂકી શકાય તેવી રાષ્ટ્રીય સ્તરની કાર્યલક્ષી યોજના ઘડવા માટે 'પ્રિયા'એ ભોપાલ ખાતે એક સંમેલન બોલાવ્યું હતું. આ કાર્યલક્ષી યોજના નૂતન સહસ્રાબ્દીમાં સ્થાનિક સ્તર માટેની કાર્યસૂચિ ઊભી કરવામાં મદદરૂપ થાય તેમ છેઃ

- સરકારો, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને સંસ્થાઓને ઉત્તરદાયી બનાવવા માટેની ઝુંબેશ.
- નાગરિકોના અધિકારો અને જવાબદારીઓ અંગે લોકશિક્ષણ કરવું.
- સ્ત્રીઓ, દલિતો અને આદિવાસીઓના નવા નેતૃત્વને સ્વીકારવું.
- જળ, જમીન, જંગલ અને જનાવરના અધિકારો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સોંપવા માટે ઝુંબેશ ચલાવવી.
- સમાન વિચારસરણી ધરાવતાં સંગઠનો અને લોકોને એક જ મંચ ઉપર લાવવા.

આ વર્ષના આરંભમાં કાર્યક્રમ મૂલ્યાંકન હાથ ધર્યા બાદ અમે અમારી વ્યૂહરચનાની સમીક્ષા કરી અને અમારા કાર્યક્રમોની પુનર્રચના કરી. આ અહેવાલ આ નવા માળખા હેઠળ રજૂ કરાઈ રહ્યો છે.

## રાજ્ય સ્તરની કાર્ય યોજના

### ૧અ. સ્થાનિક પ્રયાસોને સહયોગ (ગુજરાત)

સ્થાનિક જૂથોને નિયમિત ધોરણે ટેકો પૂરો પાડવામાં આવ્યો છે. જરૂરિયાતો આકારવા અને ભાવિ વ્યૂહરચના ઘડવા માટે તા. ૩૦.૧૨.૧૯૯૯ના રોજ ૨૦ જૂથો સાથે એક બેઠક યોજવામાં આવી હતી.

### ૧આ. સ્થાનિક પ્રયાસોને સહયોગ (રાજસ્થાન)

- રાજસ્થાનમાં જૂથોને વિવિધ પ્રસંગોના આયોજન અને આયોજિત કાર્યક્રમોના સંચાલન માટે નિયમિત ધોરણે ટેકો પૂરો પાડવામાં આવ્યો છે.
- ખેતી અને ખેતી સિવાયની જીવનનિર્વાહ પ્રવૃત્તિઓને મજબૂત કરવાના સ્થાનિક પ્રયાસોને ટેકો આપવાના ભાગરૂપે જેસલમેરના 'સૃજામ્યહમ' અને ટોંકના પચેવરના જીવીએસટીકેને આયોજન માટે ટેકો પૂરો પડાયો. આ સંસ્થાઓને નાણાકીય અને ટકાઉ જીવનનિર્વાહ વ્યૂહરચનાઓ ઘડવામાં પણ મદદ કરવામાં આવી.
- મૂળભૂત અધિકારોના પ્રશ્ને બાડમેર અને જોધપુર જિલ્લાઓમાં પંચાયતોના પ્રતિનિધિઓ અને અનૌપચારિક શિક્ષણ આપતા શિક્ષકોના પ્રશિક્ષણની પ્રવૃત્તિ માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો.

આ વિભાગમાં ઓક્ટોબર, ૧૯૯૯થી શ્રી હિતેન્દ્ર ચૌહાણ અને ડિસેમ્બર-૧૯૯૯થી સુશ્રી અનુરાધા પતી કાર્યક્રમ સહાયક તરીકે જોડાયાં છે.

### ૨અ. સ્થાનિક સ્વશાસનને પ્રોત્સાહન (ગુજરાત)

- ગુજરાતમાં રાજ્ય અને જિલ્લા કક્ષાના અનેક સંબંધિત અધિકારીઓ, પંચાયત પ્રધાન અને અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ સાથે અમદાવાદની જિલ્લા પંચાયત ખાતે 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' શરૂ કરવા માટે અનેક વાર બેઠકો યાજવામાં આવી.
- ગુજરાતના એક સંગઠન 'આનંદી' દ્વારા રાજકોટ ખાતે ૫થી ૭ ડિસેમ્બર, ૧૯૯૯ દરમ્યાન સૌરાષ્ટ્રમાં મહિલા ધિરાણ જૂથો સાથે એક મેળાનું આયોજન કરવામાં આવ્યું. અમારા એક કાર્યકર્તા તેમાં સક્રિય રીતે સામેલ થયા.
- ગુજરાતમાં પંચાયતી રાજ અંગેની સ્થિતિનો અહેવાલ તૈયાર કરવા માટે અમે સરકાર દ્વારા લેવાયેલાં પગલાં અને સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવવા પંચાયત પ્રધાન શ્રી નારાયણભાઈ પટેલની મુલાકાત લીધી હતી.
- આદિવાસી સ્વશાસન અંગે એક પત્રિકા તૈયાર થઈ રહી છે.
- જ્યાં પંચાયતોના પ્રતિનિધિઓ આવે અને માહિતી અને માર્ગદર્શન મેળવી શકે તે માટે અમદાવાદ જિલ્લા પંચાયતના સહયોગમાં અમદાવાદ ખાતે જિલ્લા પંચાયતની કચેરીએ એક પંચાયત સંસાધન કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે.

### ૨આ. સ્થાનિક સ્વશાસનને પ્રોત્સાહન (રાજસ્થાન)

- કોટા ખાતે એક જનપ્રતિનિધિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. તેમાં પંચાયતોના પ્રતિનિધિઓ, મેયર, સરકારી અધિકારીઓ, સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, માધ્યમોના પ્રતિનિધિઓ વગેરે સહિત ૧૨૫ જણા હાજર રહ્યા હતા. આ સંમેલન છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાનના પોતાના અનુભવોની આપ-લે કરવા માટે પંચાયતોના પ્રતિનિધિઓને મંચ પૂરો પાડવા માટે 'ઉન્નતિ' જે ચાર બેઠકો યોજી રહી હતી તેની શ્રેણીમાં છેલ્લી બેઠક તરીકે યોજવામાં આવ્યું હતું. આ સંમેલન તારણોને 'રાજસ્થાનમાં પંચાયતોની સ્થિતિ' અંગેના અહેવાલમાં સમાવાશે. સહભાગીઓએ જણાવ્યું કે, બીડીઓ, ગ્રામસેવક અને અન્ય સરકારી અધિકારીઓ પંચાયતોના પ્રતિનિધિઓને સહકાર આપવા તૈયાર થતા નથી. તેમણે કહ્યું કે પંચાયત સમિતિ અને જિલ્લા પંચાયતના સભ્યોને વધુ સત્તાઓ અપાવી જોઈએ.
- એમએમવીએસ દ્વારા રચાયેલાં સ્વસહાય જૂથોના નેતાઓનો અભિમુખીકરણ કાર્યક્રમ ચલાવ્યો.
- જોધપુર ખાતે પંચાયત સંદર્ભ કેન્દ્ર શરૂ કરવા માટે રાજ્ય અને જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે ચર્ચા કરી.

- મતદારો તથા ઉમેદવારોના શિક્ષણ માટે પંચાયતોની ચૂંટણી માટેની નિયમાવલી તૈયાર થઈ રહી છે.
- રાજ્યની પંચાયતી રાજની સ્થિતિ અંગેનો અહેવાલ તૈયાર કરવા માટે દસ્તાવેજીકરણ થઈ રહ્યું છે.
- રાજસ્થાનમાં પંચાયતોની ચૂંટણી જાહેર થઈ છે. અમે ચૂંટણીની સ્વચ્છ પ્રક્રિયા માટે અને ડમી ઉમેદવારી થતી રોકવા માટે નાગરિકોનો મત કેળવવા માટેની ઝુંબેશ ચલાવી રહ્યા છીએ. ૩૦ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓની સામેલગીરી સાથે રાજ્ય વ્યાપી માહિતી અને શિક્ષણ ઝુંબેશનું આયોજન થઈ રહ્યું છે.

આ વિભાગમાં ઓક્ટોબર, ૧૯૯૯થી કાર્યક્રમ સંયોજક તરીકે સુશ્રી ઉર્મિલા ઠક્કર જોડાયાં છે અને સપ્ટેમ્બર, ૧૯૯૯થી શ્રી સુમિત મિશ્રા તથા ડિસેમ્બર-૧૯૯૯થી સુશ્રી નિધિ લાભ કાર્યક્રમ સહાયક તરીકે જોડાયાં છે.

**ક્ષેત્રીય સ્તરની કાર્યયોજના**

**૧. દસ્તાવેજીકરણ અને વિકાસ શિક્ષણ**

- પ્રશિક્ષકોના ક્ષમતાવર્ધન માટેની બીજા તબક્કાની તાલીમ દ્વારકા ખાતે ૮થી ૨૩ ડિસેમ્બર, ૧૯૯૯ દરમ્યાન યોજાઈ.
- નેધરલેન્ડ્ઝના રાજદૂતાવાસની સહાયથી રાજ્યના કૃષિ વિભાગ દ્વારા ચલાવાતી 'કૃષિ ક્ષેત્ર મહિલાઓની તાલીમ' યોજનાના પ્રશિક્ષકો માટે અહેવાલ લેખનની કુશળતાઓ અંગે એક કાર્યશાળા ચલાવવામાં આવી.
- મધ્ય પ્રદેશના રાજપુર અને સરયુજા જિલ્લાઓમાં બે મૂલ્યાંકન અહેવાલો હાથ ધરાયા. દાતા સહભાગી 'બિલાન્સ' વતી આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યા.
- જબલપુરના 'જિડાસ'માં સ્થાનિક સ્વશાસન અને સક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે ગ્રામીણ પ્રાયોજકો વિકસાવવાની એક વ્યૂહાત્મક યોજના હાથ ધરવામાં આવી. 'જિડાસ' ગ્રામ વિસ્તારના કાર્ય અને જિલ્લા સ્તરના પ્રોત્સાહક કાર્યનું જિલ્લા કક્ષાનાં માળખાં અને ગ્રામીણ સંચાલન કાર્યક્રમ મારફતે સંકલન કરે છે.
- આણંદમાં 'ગ્રામ પ્રબંધ સંસ્થાન' ખાતે એશિયા અને આફ્રિકાની સ્વૈચ્છિક સંસ્થાઓ માટેના તાલીમ કાર્યક્રમ (વોલાગ-મેપ)ના સહભાગીઓ માટે વ્યૂહાત્મક અને સૂક્ષ્મ સ્તરીય આયોજન હાથ ધરવામાં આવ્યું.

**૨. સંશોધન, એડવોકસી અને સંબંધિત પ્રવૃત્તિઓ**

- ગુજરાતમાં અમરેલી, ધરમપુર, ધોળકા અને ખેડબ્રહ્મામાં શહેરી સ્થાનિક સ્વશાસનને મજબૂત કરવા માટેનો અભ્યાસ હાથ ધરાયો. તમામ સંબંધિતોને સંવેદનશીલ બનાવવા માટે અમે ધોળકા, ખેડબ્રહ્મા અને ધરમપુર ખાતે બેઠકો યોજી અને અભ્યાસનાં તારણો સૌને જણાવ્યાં. આ બેઠકોમાં સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, નગરપાલિકાના સભ્યો અને નાગરિકોએ ભાગ લીધો. બીજા તબક્કામાં પ્રવૃત્તિ આગળ ધપાવનાર નાગરિકોનો મંચ રચાય તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
- ભારતમાં નાગરિક સમાજ અને શાસન અંગે એક અભ્યાસ હાથ ધરાઈ રહ્યો છે. સસેક્સની 'ઈન્સ્ટિટ્યુટ ફોર ડેવલપમેન્ટ સ્ટડીઝ' દ્વારા તેનું સંકલન થઈ રહ્યું છે અને ફોર્ડ ફાઉન્ડેશન તેને ટેકો આપી રહ્યું છે. અમે આ અભ્યાસમાં સામેલ છીએ અને આરોગ્ય તથા સુરક્ષા માટે કાપડ ઉદ્યોગના કામદારોએ ચલાવેલી લડત અંગે એક કેસ સ્ટડી કરી રહ્યા છીએ.
- અમે દક્ષિણ આફ્રિકામાં ડરબન ખાતે ૬થી ૮ નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન યોજાયેલી 'થર્ડ કોમનવેલ્થ એનજીઓ ફોરમ'માં ભાગ લીધો. તેનો વિષય હતોઃ 'લોકોનું ભાવિઃ નૂતન સહસ્રાબ્દીમાં નાગરિકો અને શાસન'.

**અન્ય પ્રસંગોમાં સહભાગિતા**

- 'પ્રેરણા, સક્ષમતા અને કાર્યઃ ૨૧મી સદીમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા' અંગે ૧૨થી ૧૫ ઓક્ટોબર, ૧૯૯૯ દરમ્યાન દક્ષિણ કોરિયામાં સીઓલ ખાતે મળેલી સ્વૈચ્છિક સંસ્થાઓની વૈશ્વિક પરિષદમાં 'ઉન્નતિ'ના નિયામક શ્રી બિનોય આચાર્યે ભાગ લીધો. આ કાર્યશાળાને 'સંયુક્ત રાષ્ટ્રો' (યુ.એન.)ની અનેક સંસ્થાઓએ ટેકો આપ્યો હતો. આ પરિષદ દરમ્યાન સક્ષમતા, માનવ અધિકારો, સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવ, શાંતિ અને સલામતી, માનસિક આરોગ્ય અને પ્રજનનલક્ષી આરોગ્ય વગેરે વિશે ચર્ચાઓ થઈ. જમીનની સુરંગો અને અણુ શસ્ત્રોના પ્રસારને રોકવા માટે અને શાંતિ તથા સલામતીને આગળ ધપાવવામાં નાગરિકોની સામેલગીરીની જરૂરિયાત વિશે તેમાં ખાસ ચર્ચા થઈ. શ્રી આચાર્યે ત્યાં લંડનના કોમનવેલ્થ ફાઉન્ડેશનના આમંત્રણથી 'સામાજિક પુનર્રચનામાં નાગરિક સમાજની

ભૂમિકા' વિશે વાત કરી. કાર્યશાળા અનૌપચારિક રીતે ચાલી, તેમાં પરસ્પર પ્રતિભાવોની આપ-લે થઈ અને તેમાં નવી મુત્સદ્દીતા ઊભી કરવાનો પ્રયાસ થયો કે જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, નાગરિક સમાજનાં સંગઠનો, સરકારો અને 'સંયુક્ત રાષ્ટ્રો'નું કામ વધારે સારા જગતનું નિર્માણ કરી શકે.

- 'ઉન્નતિ'એ ભોપાલમાં ૧૯થી ૨૧ નવેમ્બર, ૧૯૯૧ દરમ્યાન યોજાયેલા સ્વૈચ્છિક સંસ્થાઓના સંમેલનમાં સક્રિયપણે ભાગ લીધો. તેનો વિષય હતો: 'નાગરિકત્વ, સહભાગિતા અને લોકશાહી'.

**'ચરખા'ની પ્રવૃત્તિઓ**

- 'ચરખા' દ્વારા ૧૬ લેખો તૈયાર કરાયા અને તે ૨૦ અખબારોમાં પ્રકાશિત થયા. તેમાં ગ્રામ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ, સ્વસહાય મહિલા જૂથો દ્વારા હાથ ધરાયેલી સામુદાયિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ, પાણીનો સંગ્રહ અને પંચમહાલ જિલ્લામાં ગ્રામીણ મહિલાઓએ હાથ ધરેલી આરોગ્યની પ્રવૃત્તિઓને આવરી લેવાયાં.
- રાજકોટના ઢેઢુકીના લોકમિત્ર અને ગ્રામીણ બાળકો માટેના કિલ્લોલ કાર્ડ પ્રદર્શન, બાળ અધિકારો માટેના એનજીઓ ફોરમ દ્વારા આયોજિત બાળ અધિકારોના કાર્યક્રમ, સાવરકુંડલાના જળસ્રાવ સંચાલન કાર્યક્રમ, 'ઉન્નતિ', 'અસાગ' અને 'સમન્વય' દ્વારા ધોળકા ખાતે ચૂંટણી દરમ્યાન યોજાયેલી જાગૃતિ ઝુંબેશ અને નગરપાલિકાના વહીવટને મજબૂત બનાવવા માટે યોજાયેલી ઝુંબેશ, સૌરાષ્ટ્ર-કચ્છનાં સંગઠનો દ્વારા રાજકોટ ખાતે યોજાયેલા 'સૌરાષ્ટ્ર સહિયર મેળા', 'ગણતર' અને સીએસીએલ દ્વારા બાળ અધિકારો અને શિક્ષણના અધિકાર વિશે યોજાયેલી કાર્યશાળા, અમદાવાદની સિવિલ હોસ્પિટલના બાળ ચિકિત્સા વિભાગ દ્વારા યોજાયેલા 'ઘરમાં નવજાત શિશુ સંભાળ' વિશેના પરિસંવાદ અને 'ચેતના' દ્વારા યોજાયેલા મહિલાઓના આરોગ્ય વિશેના કાર્યક્રમને સંચાર સહયોગ આપવામાં આવ્યો.
- 'ચરખા', 'ચેતના' અને નવી દિલ્લીની 'પોપ્યુલેશન કાઉન્સિલ' દ્વારા ૫થી ૯ ઓક્ટોબર, ૧૯૯૯ દરમ્યાન મહિલાઓના આરોગ્યના પ્રશ્નો અંગે અમદાવાદમાં અને કચ્છમાં ભુજ ખાતે ૨૭થી ૨૯ ઓક્ટોબર, ૧૯૯૯ દરમ્યાન 'કચ્છ મહિલા વિકાસ સંગઠન' સાથે લેખન કૌશલ્ય અંગે કાર્યશાળાઓ યોજવામાં આવી.


उन्नति

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnati@ad1.vsnl.net.in

**ક્ષેત્રીય કાર્યાલય:** ૨૧-એ, ૯, પોલ રોડ, બચ્છરાજજી કા બાગ, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

રૂપાંકન: રાજેશ પટેલ, 'ઉન્નતિ', ડિઝાઈન કન્સલ્ટન્ટ: તરુણ દીપ ગિરધર

મુદ્રણ: સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., ૫૫/૧૫, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન નં. ૫૪૬૪૯૮૯.



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.